# આત્મધર્મ

## વર્ષ ૩૦

## સળંગ અંક ૩૫૯

### Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Apr 2005 | First electronic version. |

दंसणमूलो धम्मो



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૫૯



પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેન
જેમની ૬૦ મી જન્મજયંતી સોનગઢમાં શ્રાવણ વદ
બીજના દિને અત્યાનંદોલ્લાસ સહિત ઊજવવામાં આવી.

તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર    સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૪૯૯ ભાદરવો ( લવાજમઃ ચાર રૂપિયા ) વર્ષ ૩૦ઃ અંક ૧૧
શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# ભવ્યોનાં દિલમાં દીવડા પ્રગટાવનાર

## ( પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના જન્મોત્સવનું ગીત )

જન્મવધાઈના રે કે સૂર મધુર ગાજે સાહેલડી,
તેજબાને મંદિરે રે કે ચોઘડિયાં વાગે સાહેલડી;
કુંવરીનાં દર્શને રે કે નરનારી હરખે સાહેલડી,
વીરપુરી ધામમાં રે કે કુમકુમ વરસે સાહેલડી.

( સાખી )

સીમંધર-દરબારના બ્રહ્મચારી ભડવીર;
ભરતે ભાળ્યા ભાગ્યશ્રી, અતિશય ગુણગંભીર.
નયનોના તેજથી રે કે સૂર્યતેજ લાજે સાહેલડી,
શીતળતા ચંદ્રની રે કે મુખડે વિરાજે સાહેલડી;
ઉરની ઉદારતા રે કે સાગરના તોલે સાહેલડી,
ફૂલની સુવાસતા રે કે બેનીબાના બોલે સાહેલડી... જન્મ૦

( સાખી )

જ્ઞાનાનંદસ્વભાવમાં, બાળવયે કરી જોર;
પૂર્વારાધિત જ્ઞાનનો, સાંધ્યો મંગલ દોર.
જ્ઞાયકના બાગમાં રે કે બેનીબા ખેલે સાહેલડી,
દિવ્ય મતિ-શ્રુતનાં રે કે જ્ઞાન ચડયાં હેલે સાહેલડી;
જ્ઞાયકની ઉગ્રતા રે કે નિત્ય વૃદ્ધિ પામે સાહેલડી,
આનંદધામમાં રે કે શીઘ્ર શીઘ્ર જામે સાહેલડી... જન્મ૦

( સાખી )

સમવસરણ-જિનવર તણો, દીધો દૃષ્ટ ચિતાર;
ઉરમાં અમૃત સીંચીને, કર્યો પરમ ઉપકાર.
સીમંધર-કુંદની રે કે વાત મીઠી લાગે સાહેલડી,
અંતરના ભાવમાં રે કે ઉજ્જવળતા જાગે સાહેલડી;
ખમ્મા મુજ માતને રે કે અંતર ઉજાળ્યાં સાહેલડી,
ભવ્યોનાં દિલમાં રે કે દીવડા જગાવ્યા સાહેલડી... જન્મ૦

# આનંદ-મંગલ આજ હમારે

મંગલમૂર્તિ સ્વાનુભૂતિસંપન્ન અધ્યાત્મયુગપ્રવર્તક પરમકૃપાળુ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં અનન્ય ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૬૦ મી જન્મજયંતીનો મંગલ મહોત્સવ સુવર્ણપુરીમાં સૌ મુમુક્ષુ ભક્તજનો દ્વારા અતિ આનંદોલ્લાસ સાથે ઊજવવામાં આવ્યો હતો.

જન્મજયંતીના મંગલ આગમનનો શુભ સંદેશ સુંદર નિમંત્રણ–પત્રિકા છપાવીને ભારતવ્યાપી સમગ્ર મુમુક્ષુમંડળોને તથા પરદેશોમાં વસતા મુમુક્ષુઓને સમયસર પહોંચાડવામાં આવ્યો હતો.

‘૬૦ મી જન્મજયંતી આવી દોડાદોડ’ એ મધુરું ગીત ગાઈને મુમુક્ષુબહેનોએ એક સપ્તાહ પૂર્વ સુવર્ણપુરીનું વાતાવરણ મંગલ મહોત્સવની પ્રતીક્ષાથી ગુંજતું કરી દીધું હતું. પૂજ્ય ગુરુદેવે પણ પૂ. બહેનશ્રીની જન્મજયંતીના શુભાગમનનું ગીત સાંભળી પોતાનો આશીર્વાદયુક્ત, સંમતિપૂર્ણ સૂર પૂર્યો કે– “બહેનોએ ઠીક ગાયું, બહેનનો જન્મદિવસ આવે છે, બધાંને જાગતા કર્યાં... ’ વગેરે વગેરે...

જન્મજયંતીનો આ પુનિતોત્સવ ત્રણ દિવસ ઊજવવામાં આવ્યો હતો. આ મંગલ જન્મોત્સવની શુભ કામના અર્થે શ્રી જિનમંદિરમાં ત્રણ દિવસ માટે રાજકોટ નિવાસી ડો. પ્રવીણભાઈ દોશી વગેરે તરફથી પંચપરમેષ્ઠી–મંડલવિધાનપૂજા રાખવામાં આવી હતી.

શ્રાવણી પૂર્ણિમા આ શુભોત્સવના પ્રારંભનો પાવન દિવસ. વહેલા પરોઢથી ત્રણે દિવસ ગોગીદેવી બ્ર. આશ્રમના ગગનમાં ગુંજતું ચોઘડિયાંવાદન મુમુક્ષુ હૃદયોને હર્ષપુલકિત કરતું હતું. આ શુભ પ્રસંગને દીપાવવા શ્રી જિનમંદિર તથા બ્રહ્મચર્યાશ્રમ વિદ્યુતશણગારથી અલંકૃત કરવામાં આવ્યાં હતાં. મંગલસૂચક વિદ્યુત–સ્વસ્તિક તથા રંગબેરંગી વિદ્યુત–શલાકાથી સુશોભિત જિનમંદિરનું મનોહર દૃશ્ય મુમુક્ષુઓનાં મનને પ્રસન્ન કરતું હતું. આશ્રમની દિવાલ ઉપર ગોઠવેલો ‘૬૦’ નો ચિત્તાકર્ષક વિદ્યુત આંક સૌને મુદિત કરતો હતો.

શ્રાવણ વદ બીજ તે, મહોત્સવનો મુખ્ય દિવસ–પ્રશમમૂર્તિ ભગવતી જગદમ્બા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની જન્મજયંતીનો મંગલ દિવસ: વહેલા પ્રભાતથી આનંદ ભેરી સાથ જન્મવધાઈનાં સુમધુર ગીતોથી તથા જયકારનાં મંગલ નાદોથી આશ્રમનું

વાતાવરણ આનંદવિભોર થઈ ગયું હતું. પૂજ્ય ગુરુદેવના આજના મંગલ પ્રવચન પહેલાં બ્રહ્મચારી બહેનોએ–

**"સખિ! દીઠું કૌતુક આજ માતા 'તેજ' ઘરે,**

**એક આવ્યા વિદેહી મહેમાન નીરખી નેન ઠરે."**

–ગીત દ્વારા તેમના અનન્યશરણ એકમાત્ર પરમાધાર પૂજ્ય બહેનશ્રી પ્રત્યે શ્રદ્ધા–ભક્તિ અભિવ્યક્ત કરીને આજના મંગલ મહોત્સવનું મંગલાચરણ કર્યું હતું.

પૂજ્ય બહેનશ્રી પૂજ્ય ગુરુદેવના પ્રવચનમાં પધાર્યા તે શુભ પ્રસંગે શ્રી ચંપકલાલ મોહનલાલ ડગલી–બરવાળાવાળા–નાં ધર્મપત્ની શ્રી પ્રભાબેને પૂજ્ય બહેનશ્રીના વિશાળ લલાટમાં કેસરનું તિલક કરી, ભક્તિપૂર્વક સવિનય મીઠડાં લીધાં હતાં. અને હીરાથી વધાવી, પૂજ્ય ગુરુદેવના મંગલ સાન્નિધ્યમાં વિશાળ મુમુક્ષુસભાની ઉપસ્થિતિમાં પૂજ્ય બહેનશ્રીનું બહુમાન કર્યું હતું. આ ધન્ય પ્રસંગ અભૂતપૂર્વ હતો. આ મનોહારી ભક્તિપૂર્ણ હૃદયદ્રાવક દ્રશ્ય જોઈ અનેક મુમુક્ષુઓનાં નયનો આનંદાશ્રુથી ભરાઈ આવ્યાં હતાં, મંગલ ગીતો તથા જયકારના ઊંચા મધુરા નાદોથી મુમુક્ષુસમાજે ગગન ભરી દીધું હતું, બધાંનાં હૈયાં હેલે ચડયાં હતાં. સર્વત્ર આનંદ અને પ્રસન્નતા દ્રષ્ટિગોચર થતાં હતાં. 'વર્તમાન પર્યાયને જાણતાં જ્ઞાનીને ત્રિકાળ પર્યાયનું જ્ઞાન તેમાં સાથે આવી જાય છે' તે ગહન વિષયને વ્યક્ત કરતાં પૂજ્ય ગુરુદેવે પણ પ્રવચનમાં બહેનશ્રીના આજના જન્મોત્સવને બે–ત્રણ વાર ઉર્મિભર્યા ભાવે યાદ કર્યો હતો.

પ્રવચન પછી શ્રદ્ધાંજલિ–સમર્પણ–સમારોહમાં શ્રી ખીમચંદભાઈ શેઠ, શ્રી ચંપકલાલ મોહનલાલ ડગલી તથા શ્રી ધન્નાલાલજી–ગ્વાલિયરવાળાએ શ્રદ્ધા–ભક્તિપૂર્ણ ભાવભીની અંજલિ સમર્પિત કરી હતી. ત્યાર પછી જન્મજયંતીની ખુશાલીમાં '૬૦' આંકના એકમથી રૂા. ૨૪૦૦૦ ઉપરાંતની રકમો શ્રી મહાવીર–કુંદકુંદ દિગંબર જૈન પરમાગમમંદિર ખાતે જાહેર થઈ હતી.

જન્મજયંતીના માંગલિક દિને પૂજ્ય બહેનશ્રી–બહેનના ઘરે કૃપાસાગર પૂજ્ય ગુરુદેવના આહારાદાનનો મંગલ પ્રસંગ તથા તે પ્રસંગે પૂજ્ય બહેનશ્રી બહેનની વિશિષ્ટ ગુરુભક્તિ ઉપસ્થિત જનોને પ્રમુદિત કરતી હતી. ત્યાર પછી આશ્રમના સ્વાધ્યાય–ભવનમાં સમસ્ત મુમુક્ષુ ભાઈ–બહેનો પૂજ્ય બહેનશ્રીના દર્શન કરવા આવ્યાં

હતાં. આ પ્રસંગે પણ ભક્તિગીતો તથા જયનાદોના ગુંજારવથી વાતાવરણને પ્રસન્નતાયુક્ત કરતો હતો. અનન્ય ધર્મમાતા પ્રત્યે સર્વસ્વાર્પણભાવે હાવભાવથી શ્રદ્ધા–ભક્તિ દ્વારા બ્રહ્મચારી બહેનોનો આનંદ ઉત્સવની સુંદરતામાં સુગંધ પૂરતો હતો.

આ શુભોત્સવની ખુશાલીમાં શ્રાવણ વદ બીજે–પૂ. બહેનશ્રીના મંગલ જન્મદિને રાજકોટ નિવાસી શ્રી મરઘાબેન ધીરજલાલ શાહના સુપુત્રો તરફથી 'સાધર્મીવાત્સલ્ય' હતું. તદુપરાન્ત પૂ. ગુરુદેવનાં બંને પ્રવચન પછી, પૂજ્ય બહેનશ્રીને આશ્રમના સ્વાધ્યાયભવનમાં મુમુક્ષુસમાજ દ્વારા અભિનંદન–સમર્પણ પ્રસંગે તથા રાત્રે પૂજ્ય બહેનશ્રી–બહેનના વાંચન પછી, એમ દરેક પ્રસંગે જુદી–જુદી વ્યક્તિઓ તરફથી પ્રભાવના થઈ હતી.

બપોરના પ્રવચન પછી આરતીની ઉછામણીમાં શ્રી સીમંધરભગવાનની પ્રથમ આરતીની ઉછામણી પ્રસંગે શ્રી વ્રજલાલ ભાઈલાલ ડેલીવાલા–સૂરત–નાં ધર્મપત્ની શ્રી સવિતાબહેને સુવર્ણપુરીના ઇતિહાસમાં અભૂતપૂર્વ અનેરા ઉત્સાહથી ભાગ લીધો હતો. પૂજ્ય બહેનશ્રીની મંગલ જન્મજયન્તી પ્રસંગે લહાવો લેવો તેમને માટે ધન્ય પ્રસંગ હતો.

જન્મજયંતીના આ મંગળ દિવસે સાંજે મેઘરાજે, એક મહિનાની ચિર પ્રતીક્ષા બાદ, ધોધમાર વર્ષા દ્વારા, સમસ્ત જનતાને આનંદિત કરી ઉત્સવની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

રાત્રે મહિલામુમુક્ષુસમાજમાં પૂજ્ય બહેનશ્રીનું અધ્યાત્મરસઝરતું વાંચન થયું હતું. અંતતઃ બ્રહ્મચારી બહેનો વગેરે દ્વારા ગવાયેલાં પ્રસંગોચિત્ માંગલિક ભક્તિગીતો ઇત્યાદિપૂર્વક મહોત્સવ પૂર્ણતાને પામ્યો હતો.

આ રીતે આત્માર્થીજનોને આનંદકારી એવો આ મંગલમય ઉત્સવ સુવર્ણપુરીમાં જયજયકારપૂર્વક ઉજવાઈ ગયો.

卐

# મંગલકારી 'તેજ' દુલારી

[ પૂ. બહેનશ્રી ચંપાબેનના જન્મોત્સવનું મંગલ-ગીત ]

મંગલકારી * 'તેજ' દુલારી પાવન મંગલ મંગલ હૈ,
મંગલ તવ ચરણોંસે મંડિત અવની આજ સુમંગલ હૈ... મંગલકારી૦

શ્રાવણ દૂજ સુમંગલ ઉત્તમ, ×વીરપુરી અતિ મંગલ હૈ.
મંગલ માતપિતા, કુલ મંગલ, મંગલ ધામ રુ આંગન હૈ;
મંગલ જન્મમહોત્સવકા યહ અવસર અનુપમ મંગલ હૈ... મંગલકારી૦

મંગલ શિશુલીલા અતિ ઉજ્જવલ, મીઠે બોલ સુમંગલ હૈ,
શિશુવયકા વૈરાગ્ય સુમંગલ, આતમ-મંથન મંગલ હૈ;
આતમલક્ષ લગાકર પાયા અનુભવ શ્રેષ્ઠ સુમંગલ હૈ... મંગલકારી૦

સાગર સમ ગંભીર મતિ-શ્રુત જ્ઞાન સુનિર્મલ મંગલ હૈ,
સમવસરણમેં કુંદપ્રભુકા દર્શન મનહર મંગલ હૈ;
સીમંધર-ગણધર-જિનધુનિકા સ્મરણ મધુરતમ મંગલ હૈ... મંગલકારી૦

શશિ-શીતલ મુદ્રા અતિ મંગલ, નિર્મલ નૈન સુમંગલ હૈં,
આસન-ગમનાદિક કુછ ભી હો, શાંત સુધીર સુમંગલ હૈ,
પ્રવચન મંગલ, ભક્તિ સુમંગલ, ધ્યાનદશા અતિ મંગલ હૈ... મંગલકારી૦

દિનદિન વૃદ્ધિમતી નિજ પરિણતિ વચનાતીત સુમંગલ હૈ,
મંગલમૂરતિ-મંગલપદમેં મંગલ-અર્થ સુવંદન હૈ;
આશિષ મંગલ યાચત બાલક, મંગલ અનુગ્રહદૃષ્ટિ રહે,
તવ ગુણકો આદર્શ બનાકર હમ સબ મંગલમાલ લહેં... મંગલકારી૦

---

* તેજબા = પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં માતુશ્રી
× વીરપુરી = પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનું જન્મસ્થાન વર્ધમાનપુરી ( વઢવાણ શહેર )

વાર્ષિક
લવાજમ
ચાર રૂપિયા

વીર સં. ૨૪૯૯
ભાદ્રપદ
Sept. 1973

વર્ષ: ૩૦ અંક ૧૧

# ૉંડેથી આત્માની હા પા

હે ભાઈ! તારા આત્માની વાત તેં ઊંડેથી નથી માની, ઉપર–ઉપરથી સાંભળીને હા પાડી, પણ ઊંડેથી એટલે કે અંતર્મુખ થઈને તેં આત્માનો સ્વીકાર ન કર્યો. તેં આત્માને રાગમાં જોડીને હા પાડી, પણ રાગથી આઘો ખસીને, આત્માને આનંદમય નિર્મળપર્યાયમાં જોડીને તેં હા ન પાડી. જો એકવાર અંતરમાં ઊંડો ઊતરીને ચૈતન્યભાવને સ્પર્શીને તેની હા પાડ તો તારો બેડો પાર થઈ જાય.

અહા, ચૈતન્યનો અપાર અનંત મહિમા, તેનો સ્વીકાર તો પર્યાયમાં થાય છેને? બાપુ! આવા આત્મામાં સ્વસન્મુખ પર્યાય તે તારો માર્ગ છે; બહારમાં બીજે ક્યાંય તારો માર્ગ નથી. માટે તારા આત્માને તારી પરમ સમરસી પર્યાયમાં જોડ. તારા શુદ્ધ દ્રવ્યમાં પરિણતિને જોડ, ને શુદ્ધપરિણતિમાં દ્રવ્યને જોડ, –એટલે બંને અભેદ થયા; આ રીતે હે જીવ! તારા આત્માને આત્મામાં જ જોડીને તું સ્વદ્રવ્યની રક્ષા કર. આનું નામ ભગવાનની ભક્તિ છે. આનું નામ ગુરુની આજ્ઞા છે. આ જ પરમાગમનું રહસ્ય છે. જેણે આમ કર્યું તેણે સત્યની રક્ષા કરી, તેણે પોતાના આત્માને મોક્ષમાર્ગમાં જોડયો.

# શ્રીગુરુના સાન્નિધ્યનું ફળ

## નિર્મળ સુખકારી ધર્મની પ્રાપ્તિ

**શ્રીગુરુના સાન્નિધ્યમાં રહેલો જીવ શું પ્રાપ્ત કરે છે? અને ખરેખર શ્રીગુરુનું સાન્નિધ્ય કોણે કર્યું કહેવાય? તે વાત અદ્‌ભુત રીતે ગુરુદેવ આ પ્રવચનમાં સમજાવે છે.**

[ નિયમસાર કળશ ૨૩૪ ]

જેને ભવછેદક નિર્વાણભક્તિ પ્રગટી છે, એટલે કે જેને રત્નત્રયની આરાધના વર્તે છે એવા ધર્માત્મા કહે છે કે અહો! શ્રી ગુરુના સાન્નિધ્યમાં નિર્મળ સુખકારી ધર્મ અમે પ્રાપ્ત કર્યો છે, અને ચૈતન્યના અગાધ મહિમાને જાણનારા જ્ઞાનવડે સમસ્ત મોહનો મહિમા નષ્ટ થઈ ગયો છે. –આવો હું રાગદ્વેષરહિત શુદ્ધ ધ્યાન વડે શાંતચિત્તથી આનંદમય નિજતત્ત્વમાં ઠરું છું, નિજપરમાત્મામાં લીન થાઉં છું.

જુઓ, શ્રીગુરુના સાન્નિધ્યનું ફળ શું? કે નિર્મળ સુખકારી ધર્મની પ્રાપ્તિ થઈ તે શ્રીગુરુના સાન્નિધ્યનું ફળ છે. શ્રીગુરુનો ઉપદેશ પણ એ જ છે કે રાગથી પાર ચૈતન્યતત્ત્વની અનુભૂતિ કરવી. જેણે આવી અનુભૂતિ કરી તેણે જ ખરેખર શ્રીગુરુને ઓળખીને તેમનું સાન્નિધ્ય સેવ્યું છે. શ્રીગુરુના ઉપદેશના સારરૂપ આનંદમય આત્મઅનુભૂતિ તેણે પ્રાપ્ત કરી લીધી.

માત્ર શુભરાગ તે કાંઈ શ્રીગુરુના ઉપદેશનો સાર ન હતો. જે રાગમાં અટકયો છે ને રાગથી પાર ચૈતન્યની સમીપતા નથી કરતો, તે શ્રીગુરુની નજીક નથી પણ દૂર છે. ચૈતન્યની સમીપતા કરીને જેણે નિર્મળ સુખકારી ધર્મ પ્રાપ્ત કર્યો તેણે જ ખરેખર શ્રીગુરુની સમીપતા કરી, અને મોહના જોરને જ્ઞાનબળથી નષ્ટ કર્યું.

એકલા શાસ્ત્રથી નહિ પણ જ્ઞાની ગુરુના સાન્નિધ્યથી આત્મતત્ત્વને જાણતાં નિર્મળ સુખરૂપ ધર્મ પ્રાપ્ત થાય છે. સમ્યગ્દર્શનાદિ વીતરાગપરિણતિ તે સુખરૂપ ધર્મ છે, તેની પ્રાપ્તિ ચૈતન્યસ્વભાવમાં સન્મુખતાથી થાય છે. અંતરમાં પોતાના પરમતત્ત્વની સમીપતા છે ને નિમિત્તરૂપે ગુરુની સમીપતા છે.

ગુરુ કેવા છે? –કે જેઓ ચૈતન્યતત્ત્વનો મહિમા બતાવીને તેમાં દ્રષ્ટિ કરવાનું કહે છે. શ્રીગુરુની સમીપતાથી આવા આત્મતત્ત્વની દ્રષ્ટિ કરીને, જ્ઞાનના મહિમાવડે સમસ્ત મોહનો મહિમા નષ્ટ કરી નાંખ્યો છે. ચૈતન્યનો મહિમા પ્રગટયો ત્યાં મોહનો મહિમા તૂટયો. હજી સમ્યગ્દર્શન થતાં વેંત સમસ્ત મોહ નષ્ટ ન થઈ જાય, પણ તે મોહનો મહિમા તો નષ્ટ થઈ ગયો છે, તેનું અનંતુ જોર તૂટી ગયું છે.

**શ્રી ગુરુની સમીપમાં ચૈતન્યતત્ત્વ સાંભળીને હે ભવ્ય! તું અંતરતત્ત્વની સમીપમાં જા... ત્યાં ચૈતન્યનો પરમ મહિમા જ્ઞાનમાં આવતાં જ પરભાવનો મહિમા છૂટી જશે. આવા તત્ત્વને અંતરમાં અનુભવવું તે શ્રીગુરુના સાન્નિધ્યમાં કરવાનું છે, તે જ શ્રીગુરુની આજ્ઞા છે. હજી રાગ-દ્વેષ હોવા છતાં, ધર્મીને સમ્યગ્દર્શનમાં ચૈતન્યપરમેશ્વરની પ્રાપ્તિ થતાં તેના મહિમામાં જ્ઞાન લીન થયું, તે જ્ઞાનધારા સમસ્ત રાગાદિ પરભાવોથી છૂટી પડી ગઈ, તેમાં આનંદકંદ આત્માનો જ મહિમા રહ્યો. -આનું નામ નિર્વાણ માર્ગની ભક્તિ છે.**

અહો, શ્રીગુરુએ મને એમ કહ્યું કે તું તારા આનંદમય પરમાત્મતત્ત્વ પાસે જા. એ રીતે શ્રીગુરુના ઉપદેશથી પરમાત્મતત્ત્વ પાસે જતાં (અંતર્મુખ પરિણતિ કરતાં) આનંદકારી ધર્મદશા મને પ્રગટી, તેમાં હવે રાગાદિનો મહિમા રહી શકે નહીં. જેને પરનો કે શુભરાગનો પણ મહિમા લાગે તેને પોતાના વીતરાગી આનંદમય તત્ત્વનો મહિમા આવતો નથી ને સુખકારીધર્મ તેને પ્રગટતો નથી, તે તો રાગના દુઃખને જ અનુભવે છે. શ્રીગુરુએ તો એમ સંભળાવ્યું કે જ્ઞાનમાં ચૈતન્યભાવનો મહિમા લાવીને સ્વસન્મુખ થા. ગુરુએ એમ ન કહ્યું કે તું અમારી વાણીનું જ લક્ષ કરીને અટકી રહેજે, કે અમારા ઉપર શુભરાગ કરીને અટકી રહેજે–એમ ન કહ્યું, પણ શ્રીગુરુએ તો એમ કહ્યું કે તારો પરમાત્મા તારા અંતરમાં તારી સમીપ જ બિરાજે છે, તેને અનુભવમાં લે. વાણીનું ને રાગનું લક્ષ છોડીને, પરનો મહિમા છોડીને, આત્માના પરમસ્વભાવનો મહિમા લક્ષમાં લે–એ જ બાર અંગનો સાર છે. જ્ઞાન આનંદમય આત્માની અનુભૂતિ જ સર્વ સિદ્ધાંતનો સાર છે, તે જ ગુરુનું પરમાર્થ સાન્નિધ્ય છે, તે સિદ્ધની નિશ્ચયભક્તિ છે, ને તે જ નિર્વાણનો આનંદમય માર્ગ છે.

શુદ્ધાત્માની અનુભૂતિ જ દ્વાદશાંગનો સાર છે; તે જ સર્વે ગુરુઓના ઉપદેશનો સાર છે. જેણે સ્વાનુભૂતિ કરી તેણે સર્વ સિદ્ધાંતનો સાર જાણી લીધો; પછી ત્યાં એવી કોઈ અટક નથી કે બાર અંગ ભણે તો જ આત્માની અનુભૂતિ થાય. તેને શાસ્ત્રભણતરનું બંધન નથી કે આટલા શાસ્ત્રો વાંચવા જ પડશે. જેણે સર્વ શાસ્ત્રના

રહસ્યભૂત આત્માનું ભણતર ભણી લીધું, –તેની અનુભૂતિ કરી લીધી, તેણે આખા સર્વજ્ઞ પરમાત્મા પોતામાં પ્રાપ્ત કરી લીધા. –તે ભક્ત છે, તે આરાધક છે, તે મોક્ષનો પંથી છે. અરે, આત્મઅનુભૂતિના મહિમાની લોકોને ખબર નથી, અને બહારના શાસ્ત્ર ભણતર વગેરે પરલક્ષી જાણપણામાં તેઓ અટકી જાય છે. પણ શાસ્ત્રોએ કહેલું ચૈતન્યતત્ત્વ અંતરમાં બિરાજી રહ્યું છે–તેની સન્મુખતા કર્યા વગર શાસ્ત્રનું રહસ્ય પણ સમજાય નહિ.

શ્રીગુરુના સાન્નિધ્યથી જે આનંદમય સ્વાનુભૂતિ પ્રગટી તે અદ્ભુત છે; અહા, અંદર શાંતરસના શેરડા છૂટે છે. આવી અનુભૂતિ તે જ નિર્મળ સુખકારી ધર્મ છે. આવો ધર્મ મેં પ્રાપ્ત કર્યો છે અને આવા આનંદમય આત્મતત્ત્વના જ્ઞાનવડે સમસ્તમોહનો મહિમા મેં નષ્ટ કર્યો છે; જ્ઞાનતત્ત્વનો અગાધ મહિમા પ્રગટયો ત્યાં મોહનો મહિમા છૂટી ગયો. આ રીતે શ્રીગુરુની સમીપતામાં મારા પરમતત્ત્વને પ્રાપ્ત કરીને, હવે હું તેમાં જ લીન થાઉં છું. બધા તીર્થંકરોએ આમ કર્યું છે ને હું પણ તે તીર્થંકરોના માર્ગે જાઉં છું. – આવી દશાનું નામ પરમભક્તિ છે. આ ભક્તિ ભવને છેદનારી છે ને આ ભક્તિમાં ચૈતન્યના આનંદરસના ફૂવારા ઊછળે છે.

આ શરીર તો મળ–મૂત્રનો પિંડલો, અને ચૈતન્યપ્રભુ આત્મા તો સુંદર આનંદરસઝરતા અનંતગુણનો પિંડ–આવા સુંદર આનંદતત્ત્વમાં જેનું ચિત્ત લોલુપ થયું છે– તેમાં જ ઉત્સુક થઈને લાગ્યું છે તેનું ચિત્ત ઇંદ્રિયવિષયોમાં લોલુપ રહેતું નથી. અહા, ચૈતન્યના અસંખ્ય અંગમાંથી તો આનંદરસ ઝરે છે, ને શરીરના અંગોમાંથી તો મળ–મૂત્રાદિ દુર્ગંધ ઝરે છે. જુઓ તો ખરા, ચૈતન્યતત્ત્વની સુંદરતા! આનંદઝરતું આ ઉત્તમ તત્ત્વ જગતમાં સૌથી સુંદર છે, તેની સન્મુખ થતાં પર્યાયમાં આનંદ ઝરે છે. અરે જીવ! એકવાર બાહ્ય વિષયોની લોલુપતા છોડીને અંદર આવા સુંદર આનંદમય મહાન તત્ત્વનો લોલુપ થા... તેને જાણવાની ઉત્સુકતા કર. આવા તત્ત્વને જાણીને તેની અપૂર્વ ભાવનાથી મોક્ષસુખનો સ્વાદ તને અહીં જ અનુભવાશે.

**આહા! જુઓ આ પંચમઆરાના સંતની વાણી! એ તો લાવ્યા છે વિદેહની વાણી! એના ભાવ અંદર લક્ષમાં લ્યે તો આત્માને ઊંચો કરી દ્યે, ને રાગના વિકલ્પથી છૂટો પડીને ચૈતન્યની વીતરાગી શાંતિનું વેદન થઈ જાય, -એવી અપૂર્વ આ વીતરાગી સંતોની વાણી છે. જે સાંભળતાં પણ મુમુક્ષુના રોમ-રોમ હર્ષથી ઉલ્લસે છે, તેના અતીન્દ્રિયઅનુભવના આનંદની તો શી વાત!**

卐

# સ્વભાવ–અવલંબી જ્ઞાનની અગાધ તાકાત

[ શ્રાવણમાસના ખાસ પ્રવચનોમાંથી દોહન ]

**મારો આત્મા સર્વજ્ઞસ્વભાવી વસ્તુ છે-એવો નિર્ણય કરીને જેણે અંતર્મુખ જ્ઞાનમાં પોતાના આત્માને સ્વજ્ઞેય બનાવ્યો તે સાધકજીવની રાગથી જુદી પડેલી જ્ઞાનપર્યાયમાં કેટલું અગાધ સામર્થ્ય છે! કેટલી અગાધ શાંતિ છે! તેને ઓળખતાં પણ આત્મામાં સાધકભાવની ધારા ઉલ્લસી જાય! એવું સુંદર વર્ણન આપ આ પ્રવચનમાં વાંચશો.**

સાધકની વર્તમાન પર્યાયમાં ત્રણકાળના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણવાની તાકાત છે. ધર્મીને જેમ પોતાની વર્તમાન–પર્યાયની તાકાતનો વિશ્વાસ છે, તેમ ભવિષ્યની પર્યાયની તાકાતનો પણ વિશ્વાસ છે... એટલે ભવિષ્યને માટે અત્યારે ધારણા કરી લઉં–એમ ધારણા ઉપર તેનું જોર જાતું નથી. ભવિષ્યમાં મારી જે પર્યાય થશે ત્યારે તે પર્યાય પોતાના તે વખતના વિકાસના બળે ભૂત–ભવિષ્યને જાણી જ લેશે. એટલે ભવિષ્યની પર્યાય માટે અત્યારે ધારણા કરી લઉં કે બહારનો ક્ષયોપશમ વધારી લઉં એમ ધર્મીનું લક્ષ નથી; તે–તે વખતની ભવિષ્યની પર્યાય અતીન્દ્રિયસ્વભાવના અવલંબનના બળે જાણવાનું કાર્ય કરશે. અહો, આત્માની અનુભૂતિમાં જ્ઞાન એકાગ્ર થયું ત્યાં ધર્મીને બીજું કાંઈ જાણવાની આકુળતા નથી. જ્યાં જ્ઞાયકસ્વભાવ આખોય અનુભૂતિમાં સાક્ષાત્ વર્તે છે ત્યાં થોડા થોડા પરજ્ઞેયોને જાણવાની આકુળતા કોણ કરે? એ વાત પ્રવચનસારની ૩૩ મી ગાથામાં કરી છે. – “વિશેષ આકાંક્ષાના ક્ષોભથી બસ થાઓ; સ્વરૂપ–નિશ્ચળ જ રહીએ છીએ.”

સ્વભાવને અવલંબીને જે જ્ઞાન કામ કરે તેની મહત્તા પાસે શાસ્ત્રના અવલંબનરૂપ ધારણાની મહત્તા રહેતી નથી. જેને બીજા જાણપણામાં મહત્તા ભાસે છે તે જીવ નિજસ્વભાવને જાણવા તરફનું જોર ક્યાંથી લાવશે? એને મહત્તા તો બહારના જાણપણામાં વર્તે છે. વર્તમાન જ્ઞાન અંદર જ્ઞાનસ્વભાવમાં ઊતરી જાય–તેની ખરી કિંમત છે;

તે પર્યાયમાં અનંત ચમત્કારીક તાકાત છે... તે રાગથી સર્વથા જુદી પડીને ચૈતન્યના અનંતગુણની ગૂફામાં ઘૂસી ગઈ છે. તે પર્યાય વર્તમાન પોતાની અગાધ તાકાતને જાણે છે, તેમજ ભવિષ્યની તે–તે પર્યાયમાં સ્વભાવના અવલંબને જે અગાધ તાકાત છે તેનો પણ વિશ્વાસ અત્યારે તેને આવી ગયો છે. ભલે અમુકક્ષેત્રમાં ને અમુક સમયમાં કેવળજ્ઞાનાદિ થશે–એમ જુદું પાડીને તે ન જાણે, પણ સ્વભાવના અવલંબને તેને પ્રતીત થઈ ગઈ છે કે જેમ અત્યારે મારી સ્વસન્મુખ પર્યાય રાગથી જુદી રહીને અતીન્દ્રિયસ્વભાવના અવલંબને મહાન આનંદમય કામ કરી રહી છે, તેમ ભવિષ્યમાં પણ મારી પર્યાયો મારા અતીન્દ્રિય સ્વભાવને જ અવલંબીને અચિંત્ય–ચમત્કારિક તાકાતથી કેવળજ્ઞાનાદિ કાર્ય કરશે. આવા સ્વભાવનું અવલંબન મને વર્તે જ છે પછી 'વધારે જાણું' એવી આકુળતાનું શું કામ છે? સર્વને જાણવાના સામર્થ્યવાળો જે સર્વજ્ઞસ્વભાવ, તેનું જ અવલંબન લઈને પર્યાય જ્ઞાનરૂપે પરિણમી રહી છે, ત્યાં લોકાલોકને જાણવાની આકુળતા રહેતી નથી; સ્વસન્મુખી જ્ઞાનમાં પરમ ધીરજ છે, આનંદની લીલાલહેર છે.

ઘણા અંગ–પૂર્વ જાણી લઉં તો મને આનંદ વધારે થાય–એમ વિશેષ જાણવા ઉપર જ્ઞાનીનું જોર નથી, પરંતુ મારો જે જ્ઞાનસ્વભાવ છે–તેમાં ઠરું તેટલી મને શાંતિ છે. અહો, જ્ઞાન તો કાંઈ આકુળતા કરે? ના; જ્ઞાન તો નિર્વિકલ્પ થઈને અંદર ઠરે.

અંતરમાં સ્વસંવેદન જ્ઞાન ખીલ્યું ત્યાં પોતાને તેનું વેદન થયું, પછી તેને બીજા જાણે કે ન જાણે–તેની કાંઈ જ્ઞાનીને અપેક્ષા નથી. જેમ સુગંધી–ફૂલ ખીલે છે તેની સુગંધ બીજા કોઈ લ્યે કે ન લ્યે, તેની અપેક્ષા ફૂલને નથી, તે તો પોતે પોતામાં જ સુગંધથી ખીલ્યું છે. તેમ ધર્માત્માને પોતાનું આનંદમય સ્વસંવેદન થયું છે તે કોઈ બીજાને દેખાડવા માટે નથી; બીજા જાણે તો પોતાને શાંતિ થાય–એવું કાંઈ ધર્મીને નથી; એ તો અંદર એકલો–એકલો પોતાના એકત્વમાં આનંદરૂપે પરિણમી જ રહ્યો છે.

બૌદ્ધો આત્માને સર્વથા ક્ષણિક (વર્તમાન પર્યાય જેટલો જ) માનનારા ક્ષણિકવાદી કહેવાય છે. પરંતુ ખરેખર તો દ્રવ્યસ્વભાવની તાકાતને જાણ્યા વગર તેની એક પર્યાયનું પણ સાચું જ્ઞાન થતું નથી. કેમકે એક શુદ્ધ પર્યાયમાં પણ એટલી તાકાત છે કે અનાદિઅનંત દ્રવ્યને, તેના અનંતગુણોને તેમજ ત્રણેકાળની પર્યાયોને જાણી લ્યે. હવે એક પર્યાયની આટલી તાકાતનો સ્વીકાર કરવા જાય તેમાં તો ત્રિકાળી દ્રવ્ય–ગુણ–પર્યાયનો પણ સ્વીકાર આવી જ જાય છે. એના વગર શુદ્ધ પર્યાયની તાકાતનો પણ સ્વીકાર થતો નથી.

**અરે, જ્ઞાનીની જ્ઞાનપર્યાયમાં પણ કેટલી તાકાત છે તેની જગતને ખબર નથી. પર્યાયની અગાધ તાકાતનો નિર્ણય કરવા જાય તો ત્યાં પણ જ્ઞાન રાગથી છૂટું પડીને અંદર સ્વભાવમાં ઘૂસી જાય. પર્યાયે-પર્યાયે જ્ઞાનીનું જ્ઞાન રાગથી છૂટું જ કાર્ય કરે છે.**

અહા, ત્રણકાળને વર્તમાનમાં જાણી લ્યે–આવી જ્ઞાનપર્યાયની તાકાત જેના વિશ્વાસમાં આવી ગઈ, તેને બહારનો ક્ષયોપશમ વધારવાની આકુળતા રહેતી નથી, તેની જ્ઞાનપર્યાય રાગથી છૂટી પડીને, અખંડ જ્ઞાનસ્વભાવના આશ્રયે કામ કરે છે, ને એ જ રીતે ભવિષ્યમાં પણ તે–તે કાળની પર્યાયમાં સ્વભાવના આશ્રયે ત્રણકાળને જાણવાની તાકાત ખીલશે, તેનો ભરોસો અત્યારે સ્વસન્મુખ થયેલી વર્તમાન પર્યાયમાં આવી ગયો છે.

ત્રિકાળી દ્રવ્ય–ગુણ તથા ત્રણકાળની પર્યાયો–તે બધા જ્ઞેયોને સ્વીકાર્યા વગર, તે જ્ઞેયોને જાણવાના સામર્થ્યવાળી જ્ઞાનપર્યાયનો પણ સ્વીકાર થઈ શકે નહિ એટલે જ્ઞાનની એક શુદ્ધ પર્યાયનો પણ જો ખરો સ્વીકાર કરવા જાય તો તે પર્યાયના જ્ઞેયરૂપ સમસ્ત દ્રવ્ય–ગુણ–પર્યાયનો પણ સ્વીકાર થઈ જાય છે. દ્રવ્યના અસ્વીકારપૂર્વક અનિત્યપર્યાયનું પણ સાચું જ્ઞાન થઈ શકતું નથી.

અરે ભાઈ, તારી એક પર્યાયની પૂરી તાકાતનો સ્વીકાર કર તો તેના અપાર સામર્થ્યમાં ત્રણકાળની સમસ્ત પર્યાયો અને દ્રવ્ય–ગુણો જ્ઞેયપણે સમાયેલા છે, –તેને સ્વીકાર કરનારું જ્ઞાન રાગથી છૂટું પડીને કામ કરે છે પછી પરસન્મુખી જ્ઞાનના જાણપણાને વધારવાનો મહિમા તેને રહેતો નથી. એનું જ્ઞાન તો સ્વસન્મુખ એકાગ્ર થઈને પોતાનું કામ કરે છે, ને આનંદનું વેદન કરતું–કરતું મોક્ષને સાધે છે.

એક વર્તમાન પર્યાય ત્રણકાળને જાણે તેથી કાંઈ તેને ઉપાધિ લાગી જતી નથી, કે તેમાં અશુદ્ધતા થઈ જતી નથી. તેમજ આત્મા ત્રિકાળ ટકે તેથી કાંઈ તેને. કાળની ઉપાધિ કે અશુદ્ધતા થઈ જતી નથી, નિત્યપણું તો સહજ સ્વભાવ છે. જેમ અનિત્યપણું છે તેમ નિત્યપણું પણ છે–એ બંને સ્વભાવવાળો આત્મા છે.

વર્તમાનમાં જે આત્મા છે તે ભૂતકાળમાં હતો ને ભવિષ્યકાળમાં રહેશે–એમ વસ્તુસ્વરૂપ છે, ત્રણેકાળને સ્પર્શનારી વસ્તુ છે, તેને કાંઈ ત્રિકાળ ટકવામાં બોજો કે અશુદ્ધતા નથી. આવા દ્રવ્યસ્વભાવના સ્વીકારપૂર્વક તેમાં એકાગ્ર થઈને અતીન્દ્રિયભાવરૂપે પરિણમેલી પર્યાય રાગથી જુદું કાર્ય કરે છે; અને તે જ સ્વભાવના આશ્રયે કેવળજ્ઞાન થાય ત્યારે તે પર્યાય એકેક સમયને જુદો પાડીને પકડી શકે. એક સમયને પકડવાનું

કામ છદ્મસ્થનો સ્થૂળ ઉપયોગ કરી શકે નહીં, તેનો ઉપયોગ અસંખ્યસમયે કાર્ય કરે એવો સ્થૂળ છે. બોદ્ધ જેવા ભલે આત્માને સર્વથા ક્ષણિક એક સમયનો જ માને, પરંતુ તેનું જ્ઞાન કાંઈ એકેક સમયની પર્યાયને પકડી શકતું નથી, તે પણ અસંખ્યસમયની સ્થૂળ પર્યાયને જ જાણી શકે છે.

દ્રવ્ય શું, પર્યાય શું, પર્યાયની તાકાત કેટલી? –તે એક્કેય વાતનો નિર્ણય અજ્ઞાનીને હોતો નથી. તે ગમે તે વસ્તુને ગમે તે પ્રકારે અંધાધુંધ આંધળાની જેમ માની લ્યે છે. અરે, દ્રવ્ય–ગુણ–પર્યાય એમાંથી એકપણ વસ્તુનો સાચો નિર્ણય કરવા જાય તો તે જ્ઞાનમાં સમસ્ત દ્રવ્ય–ગુણ–પર્યાયનો, ત્રણકાળ–ત્રણલોકનો નિર્ણય સમાઈ જાય, ને તે જ્ઞાન રાગથી જુદું પડીને અંદરના સ્વભાવ તરફ વળી જાય; તેમાં તો અનંતગુણોના સુખનો રસ ભર્યો છે. અહા, ધર્મીની એક જ્ઞાનપર્યાયમાં કેવી અચિંત્ય તાકાત ભરી છે ને તેમાં કેવો અદ્ભુત આત્મવૈભવ પ્રગટયો છે, તેની જગતને. ખબર નથી. જગતને તો ખબર પડે કે ન પડે પણ તે જ્ઞાની પોતે પોતામાં તો પોતાના ચમત્કારીક વૈભવને અનુભવી જ રહ્યા છે.

હે ભાઈ! તારી વર્તમાનપર્યાયમાં આનંદતો છે નહિ; ને જો તું આ પર્યાય જેટલો જ ક્ષણિક આત્મા માનીશ તો આનંદ લાવીશ કયાંથી? આત્માને સર્વથા ક્ષણિક માનતાં તને કદી આનંદ થશે નહિ. નિત્યસ્વભાવ જે આનંદથી સદા ભરેલો છે, તેની સન્મુખ થઈને પરિણમતાં અનિત્ય એવી પર્યાયમાં પણ તને આનંદરૂપી અમૃતના ધોધ વહેશે. નિત્ય–અનિત્યરૂપ સંપૂર્ણ વસ્તુના સ્વીકાર વગર આનંદનો અનુભવ થઈ શકે નહિ. નિત્યઅંશ અને અનિત્યઅંશ–બંનેરૂપ અખંડ વસ્તુસ્વભાવ છે, તે અનેકાન્તમય વસ્તુસ્વરૂપને પ્રકાશનાર જૈનશાસન જયવંત છે.

## ૮ ૯૯ ૯૯ ૯૯૭

તમે કોઈ મુનિને માનો છો? ... હા.

અહો, મુનિ એ તો સાક્ષાત્ મોક્ષમાર્ગ, એના મહિમાની શી વાત? એવા આઠ કરોડ નવ્વાણું લાખ નવ્વાણું હજાર નવસો સત્તાણું (૮, ૯૯, ૯૯, ૯૯૭ તીનઘાટી નવક્રોડ) મુનિભગવંતો આ મનુષ્યલોકમાં વર્તે છે, તે સર્વ મુનિભગવંતોને પરમભક્તિથી માનીએ છીએ, નમસ્કાર કરીએ છે... ને તે પદની ભાવના કરીએ છીએ. (આ ઉપરાંત કુંદકુંદાચાર્ય દેવ આદિ અનેક મુનિવરો પૂર્વે થયા, ને ભવિષ્યમાં થશે–તે સૌને પણ યાદ કરીને નમસ્કાર કરીએ છીએ.)

## અશરીરી થવા માટેનો ઉપાય

# આવશ્યક

**જિનેશ્વરભગવંતોએ સ્વાધીન-આત્મવશ સુંદર મોક્ષમાર્ગ દેખાડયો છે. મહાભાગ્યે આવા સુંદર માર્ગને પ્રાપ્ત કરીને હે જીવ! તું તારા પરમ આનંદમય પરમાત્મતત્ત્વને ભજ. ‘વાહ રે વાહ! આત્મા! તારા મારગડા તારા અંતરમાં સમાય છે. વાણી જ્યાં પહોંચી શકતી નથી, વિકલ્પ જેમાં પ્રવેશી શકતો નથી, એવો નિરાલંબી સ્વાશ્રિતમાર્ગ છે. નમસ્કાર હો આવા સ્વાશ્રિત સુંદર માર્ગને અને તે માર્ગ પ્રસિદ્ધ કરનારા વીતરાગ સંતોને.**

ધર્માત્માજીવો પરમ જિનમાર્ગના આચરણમાં કુશળ છે. જિનમાર્ગ કેવો છે? –કે આત્મવશ છે. સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન–સમ્યક્ચારિત્ર આત્મવશ છે–સ્વવશ છે એટલે કે શુદ્ધઆત્મામાં અંતર્મુખતાથી જ તે પ્રગટે છે. તેમાં કયાંય બીજાનું શરણ નથી, બીજાનો આશ્રય નથી. નિજ પરમ શુદ્ધાત્મતત્ત્વમાં અંતર્મુખતારૂપ સ્વવશપણું તે ધર્માત્માનું પરમ આવશ્યક કાર્ય છે, તે જ નિર્વાણનો માર્ગ છે. અહો, અશરીરી થવાનો માર્ગ વીતરાગી સંતોએ જગતમાં પ્રસિદ્ધ કર્યો છે.

સર્વજ્ઞભગવાન કહે છે કે અહો ભવ્ય જીવો! આત્માને આધીન એવા મોક્ષમાર્ગરૂપ શુદ્ધ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે નિયમથી કરવા યોગ્ય સારભૂત કર્તવ્ય છે. મોક્ષને માટે તમે આવા શુદ્ધ રત્નત્રયમાર્ગને આરાધો, અને બીજા અન્યવશ પરાશ્રિત ભાવોને છોડો. –અશરીરી થવાનો આ અફર ઉપાય છે.

અરે, પૂર્ણ સ્વાધીનતારૂપ મોક્ષ, એનો ઉપાય તે કાંઈ પરના આશ્રયે હોય? પરના આશ્રયે તો પરાધીનતા થાય; સ્વાધીનતા તો સ્વદ્રવ્યના જ આશ્રયે થાય. માટે

હે ભાઈ! જિનશાસનમાં ભગવાને કહેલા આવા સ્વાશ્રિતમાર્ગને તું ઓળખ. અને આનાથી વિપરીત એવા સમસ્ત પરાશ્રિત ભાવોની શ્રદ્ધા છોડ. રાગ ભલે શુભ હો તોપણ તે પરાશ્રિત ભાવ છે; આત્માના સ્વભાવના અવલંબને કાંઈ રાગની ઉત્પત્તિ થતી નથી માટે કહે છે કે અહો! જિનનાથના માર્ગમાં સ્વાધીન–આત્મવશ એવા વીતરાગભાવથી જ જીવ શોભે છે. સમ્યગ્દર્શનાદિ વીતરાગભાવ વિનાનો જીવ જિનમાર્ગમાં શોભતો નથી. પરના આશ્રયે કલ્યાણ માનનારા જીવો તો પરવશ છે, તે પરવશ જીવો તો નોકર જેવા છે, સ્વાધીન જિનમાર્ગમાં તે શોભતા નથી.

મોક્ષનો માર્ગ તો પરની અપેક્ષા વગરનો, અત્યંત નિરપેક્ષ, સંપૂર્ણ અંતર્મુખ છે, શુદ્ધદ્રવ્યના જ આશ્રયે આનંદમય મોક્ષમાર્ગ છે. હે જીવ! આવા સાચા મોક્ષમાર્ગનું સ્વરૂપ નક્કી કરીને તું તરત જ સ્વદ્રવ્યમાં અંતર્મુખ થા... ને સ્વદ્રવ્યની અનુભૂતિ કર. મોક્ષમાર્ગ એટલે સ્વદ્રવ્યની અનુભૂતિ; સ્વદ્રવ્યની અનુભૂતિ તો સ્વદ્રવ્યના જ આશ્રયે થાય ને! કાંઈ પરના આશ્રયે સ્વદ્રવ્યની અનુભૂતિ થાય? સ્વાશ્રિત સ્વાત્મલબ્ધિરૂપ આવો મોક્ષમાર્ગ તીર્થંકરોએ સાધ્યો અને વીતરાગ સંતોએ પરમાગમમાં તે માર્ગ પ્રસિદ્ધ કર્યો છે. – આજે પણ ધર્મીના અંતરમાં તે માર્ગ જયવંત વર્તે છે; ને એવો જીવ ધર્માત્મા–સંતોની મંડળીમાં શોભે છે.

વાહ, મારો આત્મા જ મારા અનંત સ્વભાવથી પૂરા સામર્થ્યવાળો છે, –તેના જ અનુભવથી મોક્ષનો પરમ આનંદ સધાય છે. –આમ સ્વદ્રવ્ય તરફ ઝુકીને પોતાના આત્મામાં જેણે પૂર્ણતા દેખી તે પોતાના સિવાય બીજાનો આશરો કેમ લ્યે? જે બીજાને આશ્રયે મોક્ષનું સાધન કરવા માંગે છે તેણે પોતાના પૂર્ણ સ્વભાવને જાણ્યો જ નથી. પોતાના પૂર્ણ સ્વભાવને જે જાણે તે બીજા પાસે ભીખ માગે નહિ, રાગમાં મોક્ષમાર્ગ માને નહીં. શુદ્ધ આનંદની ઉપલબ્ધિરૂપ મોક્ષ, તેનો ઉપાય શુદ્ધઆત્માના જ અવલંબને છે, – એમ સ્વાશ્રિત જિનમાર્ગને પામીને હે જીવ! હે ભવ્યશાર્દૂલ! તું શીઘ્ર તારી મતિને તારા આત્મામાં જોડ. ધર્માત્માઓની મોક્ષમંડળીમાં તો આવા સ્વવશ ધર્માત્માઓ જ શોભે છે, પરવશ ગુલામ તેમાં શોભતા નથી. અહો, આવો અલૌકિક જિનમાર્ગ! તેની પ્રાપ્તિથી ધર્માત્મા શોભે છે.

“અવશ” એટલે જે બીજાને વશ નથી, આત્માને જ વશ છે, –તે જીવ મોક્ષ માટેની આવશ્યક ક્રિયા કરનારો છે. ચૈતન્યતત્ત્વમાં સ્વાધીન દ્રષ્ટિ કરતાં જ અનંતભવનો અભાય થઈ ગયો; અને પછી તેમાં લીન થતાં તો સાક્ષાત્ અશરીરીપણું થાય છે.

શુદ્ધોપયોગ વડે આત્મા સ્વયં ધર્મ થયો, ધર્મ થતાં આત્મામાં સર્વત્ર આનંદ

રસ પ્રસરી ગયો. આવી અપૂર્વ સ્વાધીન સુખદશા શુદ્ધોપયોગ વડે જ થાય છે, એ સિવાય રાગાદિ કોઈ ભાવો વડે આવી દશા થતી નથી. –આવી દશા થતાંવેંત દેહાતીત ચૈતન્યભાવ અહીં જ અનુભવાય છે, ને તેના ફળમાં દેહાતીત–અશરીરી સિદ્ધપદ પ્રગટે છે. ધર્માત્મા કહે છે કે અહો! મારા આત્માના આશ્રયે આવો પરમ નિર્વાણમાર્ગ પ્રગટ કરીને, હું આત્માના કોઈ અદ્ભુત નિર્વિકલ્પ આનંદને અનુભવું છું.

જુઓ, આ ધર્મીના આવશ્યકનું અલૌકિક વર્ણન! આત્મા સિવાય બીજા કોઈને જે વશ નથી તે અવશ છે; એવા જીવનું જે સ્વાશ્રિત કાર્ય છે તે મોક્ષ માટેનું આવશ્યક છે. – આ જ યુક્તિથી અને આ જ ઉપાયથી અશરીરી થવાય છે.

અહો, સ્વાશ્રયે જે કાર્ય થાય, જેમાં પરનો આશ્રય ન હોય, તે તો શુદ્ધભાવ જ હોય, સ્વાશ્રયે કાંઈ રાગની ઉત્પત્તિ ન થાય. શુભરાગ પણ કાંઈ આત્માના આશ્રયે ન થાય, તે પણ પરના આશ્રયે થાય છે એટલે તે પરવશ ભાવ છે, તે મોક્ષનો ઉપાય નથી. મોક્ષનો ઉપાય તો આત્માના આશ્રયે થતું શુદ્ધભાવરૂપ કાર્ય જ છે. તેનાથી જ જીવ અવયવ રહિત શરીરરહિત સિદ્ધપદ પામે છે.

જુઓ, આ સમયસાર તો અશરીરી ચૈતન્યભાવથી ભરેલું છે. આત્માના ચિદાનંદસ્વભાવના આશ્રયે જે કોઈ સમ્યક્ત્વાદિભાવ પ્રગટયા તે બધાય અતીન્દ્રિય અશરીરી છે.

જે જીવ સ્વહિતમાં લીન હોય તે પોતાના શુદ્ધ જીવાસ્તિકાય સિવાય બીજાને વશ થાય નહિ, શુભરાગને વશ થાય નહિ, પુણ્યને વશ થાય નહિ, સંયોગને વશ થાય નહિ. અરે, બહિર્મુખવૃત્તિમાં તો પરની વશતા છે, પરાધીનતામાં તો સુખ કયાંથી હોય? સ્વાધીન ચૈતન્યતત્ત્વ પોતે પોતામાં જ પૂરું છે, તેમાં અંતર્મુખવૃત્તિને જગતમાં બીજા કોઈની અપેક્ષા નથી, તેમાં જ અતીન્દ્રિય સ્વાધીન સુખ છે, ને તે જ શરીર રહિત થવાની યુક્તિ છે, તે જ મોક્ષનો ઉપાય છે.

અરે, મોક્ષ માટે આવું કામ કરવા જેવું છે–એમ એકવાર નિર્ણય તો કરો! એવો નિર્ણય કરતાં પરભાવોથી છૂટો પડીને અંતરના ચૈતન્યસ્વભાવમાં ઉપયોગ વળી જાય છે, ને સ્વાધીન એવા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ કાર્ય પ્રગટે છે; તે જ મોક્ષ માટેનું આવશ્યક કાર્ય છે, તે જ મુમુક્ષુએ નિયમથી ચોક્કસ કરવા જેવું કાર્ય છે.

ભાઈ, મોક્ષમાટેનું જરૂરી કાર્ય તારા ચૈતન્યના અસંખ્ય પ્રદેશોમાં જ થાય છે, બીજે કયાંય થતું નથી; તેથી તે તારું સ્વવશ કાર્ય છે, તે અન્ય વશ નથી. સમ્યગ્દર્શન પણ તારા અસંખ્ય પ્રદેશી ચૈતન્યમાં થાય છે, અતીન્દ્રિયઆનંદ તેમાં પ્રસરેલો છે.

કહેવાના શબ્દો થોડા, પણ અંદર એના ગુણના મહિમાનો કોઈ પાર નથી; અનંતગુણના પકવાન્ન મધુર ચૈતન્યરસ તારામાં ભર્યા છે, તેનો સ્વાદ લે. –તે જ અશરીરી થવાની રીત છે. આ ઉપાયથી જરૂર સિદ્ધ થવાય છે.

અશુભરાગ તો અન્યવશ છે ને શુભરાગ પણ અન્ય વશ છે. અશુભમાં વર્તે છે તેને તો આવશ્યક નથી, પરંતુ શુભરાગ પણ મોક્ષ માટેનું આવશ્યક કાર્ય નથી, તે શુભરાગ તો મોક્ષકાર્યથી વિમુખ છે; મોક્ષ માટેનું આવશ્યક કાર્ય તો શુદ્ધભાવ જ છે, તે જ આત્મવશ ભાવ છે. અરે, મોક્ષનું કામ તે કાંઈ રાગવાળું હોય ? બીજાને વશ વર્તનારો તો નોકર કહેવાય; નોકર તે કાંઈ શોભે ? જિનમાર્ગ તો સ્વાધીન સ્વવશ ભાવથી જ શોભે છે, અન્યવશપણું તેમાં શોભતું નથી. સ્વવશ યોગીઓ જ વીતરાગરત્નત્રયવડે જિનમાર્ગમાં શોભે છે. ચોથાગુણસ્થાને જે સમ્યક્ત્વાદિ શુદ્ધભાવ છે તેટલું તો રાગ વગરનું સ્વવશપણું છે, તે જિનમાર્ગમાં શોભે છે. રાગવડે જિનમાર્ગમાં શોભા નથી, વીતરાગભાવવડે જ શોભા છે, તે જ જિનમાર્ગ છે, તે જ મોક્ષનો ઉપાય છે ને તે જ ધર્માત્માની આવશ્યક ક્રિયા છે.

જિનમાર્ગમાં રત્નત્રયરૂપ વીતરાગકાર્ય કરનારા મુનિવરો સુકૃતી છે. સમ્યગ્દ્રષ્ટિને પણ સુકૃતી કહેવાય છે, સુકૃત એટલે ઉત્તમ કૃત્ય; સમ્યગ્દર્શનરૂપી ઉત્તમ કાર્ય જેણે કર્યું છે તે ધર્માત્મા સુકૃતી છે. અત્યારે આ કળિકાળમાં પણ કોઈક વિરલા સુકૃતી જીવો સમ્યગ્દર્શનનાદિ સહિત જોવામાં આવે છે. અને સમ્યગ્દર્શન તે સદ્ધર્મની રક્ષા કરનાર મણિ છે. જ્યાં સમ્યગ્દર્શન છે ત્યાં ગમે તેવી આપત્તિ વચ્ચે પણ જીવના ધર્મની રક્ષા થાય છે. સંસારની સર્વ આપત્તિથી રક્ષા કરનાર સમ્યગ્દર્શન રક્ષામણિ સમાન છે. અને આવા સમ્યગ્દર્શન ઉપરાંત જેને મુનિદશા થઈ તેની તો શી વાત ! આવા મુનિભગવંતો ધર્મના રક્ષક છે, તેઓ રાગના રક્ષક નથી પણ વીતરાગભાવરૂપ સત્ધર્મના રક્ષક છે– એટલે કે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રના રક્ષક છે. સમ્યગ્દ્રષ્ટિ પણ સત્ધર્મના રક્ષક ને પોષક છે, તે રાગના રક્ષક કે પોષક નથી.

અહો, મુનિની શી વાત ! એ તો સ્વ–વશ છે, ને જિનેશ્વરભગવાન કરતાં જરાક જ ન્યૂન છે; એ પોતે ધર્મના રક્ષક ચૈતન્યમણિ છે. જગતમાં એવા મણિ થાય છે કે જેના હાથમાં તે મણિ હોય તેને સર્પાદિનું ઝેર ચડે નહિ ને બહારની કોઈ આપત્તિ આવે નહિ; તેમ આત્મામાં સ્વવશપણું તે એવો મણિ છે કે જેની પાસે તે ચૈતન્યમણિ છે તેને મિથ્યાત્વાદિ ઝેર ચડતું નથી, ને તેના સમ્યગ્દર્શનાદિની રક્ષા થાય છે, એટલે સંસારની કોઈ આપત્તિ તેને આવતી નથી. મુનિ પોતે વીતરાગમૂર્તિ છે અને

વીતરાગસ્વરૂપનો જ વારંવાર ઉપદેશ આપે છે. મુનિનો કે સમકિતીનો ઉપદેશ રાગનો પોષક હોઈ શકે નહિ. વીતરાગસ્વરૂપ આત્મા બતાવીને તેની શ્રદ્ધા–જ્ઞાન–એકાગ્રતારૂપ ધર્મની રક્ષા કરનારા ધર્માત્મા છે. એવા ધર્મત્માઓ આત્માને આધીનપણે આવશ્યક ક્રિયા કરનારા છે. તે આવશ્યક અશરીરી એવી સિદ્ધદશાનું કારણ છે. અશરીરી થવાનો આવો સુંદર માર્ગ વીતરાગી સંતોએ જિનમાર્ગમાં પ્રસિદ્ધ કર્યો છે.

સ્વાધીન ચૈતન્યમાંથી પ્રગટેલું જે આત્માનું સુખ, તે ધર્મી જીવોને પ્રાણપ્યારું છે. ચૈતન્યસુખ પાસે જગતમાં બીજું કાંઈ તેને પ્યારું નથી. અહા, ચૈતન્યના સ્વભાવમાં અંતર્મુખ થઈને પ્રગટેલી સમ્યક્ત્વાદિ અપૂર્વ આનંદમય વીતરાગીદશા, તે જ અમને પ્રાણપ્યારી છે, તે જ અમારી વહાલામાં વહાલી વસ્તુ છે. અહા, અમારા આવા આનંદ પાસે લોકપ્રશંસાની શી કિંમત છે? અરે, સો ઇન્દ્રોને ત્રણ જગતના જીવો પ્રશંસા કરે તોપણ જે સુખનું માપ ન થઈ શકે એવું વચનાતીત અતીન્દ્રિય આત્મિકસુખ અમારા આત્મામાં વેદાય છે, અમારા આ આત્મરસ પાસે આખા જગતના રસ ફિક્કા છે, એમાં કયાંય કિંચિત્ સુખ અમને ભાસતું નથી.

જુઓ તો ખરા, આ ધર્માત્માની વૈરાગ્યપરિણતિ! આત્મામાં સર્વથા અંતર્મુખ આવી પરિણતિ તે જ મોક્ષમાર્ગ છે. આવા માર્ગરૂપે પરિણમીને વીતરાગમાર્ગી સંતોએ પરમાગમોમાં તે માર્ગ પ્રસિદ્ધ કર્યો છે. આવા સ્વાધીન માર્ગનો નિર્ણય કરતાં મોક્ષના દરવાજા ખૂલી જાય છે.

મોક્ષમાર્ગમાં સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન–સમ્યક્ચારિત્ર એ ત્રણે કાર્ય આનંદદાયક છે, એના વડે આનંદસહિત મોક્ષ સધાય છે. અહો, અતીન્દ્રિયસુખના સાધનરૂપ આ શ્રેષ્ઠ–સુંદર શુદ્ધરત્નત્રયકાર્ય, તે જ મોક્ષાર્થી જીવનું મોક્ષ માટેનું આવશ્યક કાર્ય છે; મોક્ષ માટે તે ચોક્કસ કરવા જેવું કાર્ય છે. એ જ મોક્ષ પામવાની યુક્તિ છે; ને તે જ જિનેશ્વરોનો માર્ગ છે. આવા સુંદર માર્ગને સંતો સાધે છે ને જગતને દેખાડે છે.

મહાભાગ્યે આવા માર્ગને પ્રાપ્ત કરીને હે જીવ! અંતર્મુખપણે તું તારા પરમ આનંદમય પરમાત્મતત્ત્વને ભજ. 'વાહ રે વાહ! આત્મા! તારા મારગડા તારા અંતરમાં સમાય છે. ' –વાણી જ્યાં પહોંચી શકતી નથી, વિકલ્પ જેમાં પ્રવેશી શકતો નથી, એવો નિરાલંબી સ્વાશ્રિતમાર્ગ છે.

**નમસ્કાર હો આવા સ્વાશ્રિત સુંદર માર્ગને.. અને**
**તે માર્ગ પ્રસિદ્ધ કરનાર વીતરાગ સંતોને.**

જેનાથી ભવનો અંત પમાય છે એવી
અને જેમાં ચૈતન્યના અસંખ્યપ્રદેશે આનંદના ફૂવારા ઊછળે છે એવી

# ભક્તિ

**એકકોર શ્રાવણ માસના ઉત્સવો ચાલતા હતા, આકાશમાંથી વરસતી મેઘવર્ષા પૃથ્વીને તૃપ્ત કરતી હતી... બીજી કોર પ્રવચનમાં વીતરાગી પરમાત્મભક્તિ અને જ્ઞાનના અગાધ સામર્થ્યના વર્ણન વડે ચૈતન્યગગનમાંથી વરસતી શાંતરસની અમૃતધારા ભવ્યજીવોના અંતરને તૃપ્ત કરતી હતી. દૂરવર્તી આત્મજિજ્ઞાસુઓ પણ એ અપૂર્વ આત્મરસનું પાન કરવા હંમેશાં આતુર હોય છે. તેઓ પણ આ લેખ દ્વારા તે મધુર શાંતરસનું થોડુંઘણું પાન કરીને તૃપ્ત થશે. અહીં શ્રાવણ માસની તે મહાન મેઘવર્ષામાંથી ઝીલેલાં ૧૦૧ બિંદુ આપ્યાં છે, તેનું રસપાન આપને જરૂર આનંદિત કરશે. –બ્ર. હ. જૈન**

(શ્રાવણ માસ દરમિયાન નિયમસાર–ભક્તિઅધિકાર તથા
સમયસાર–સર્વ વિશુદ્ધઅધિકાર ઉપરનાં પ્રવચનોમાંથી દોહન)

卐 પોતાના પરમાત્મતત્ત્વની સન્મુખ થઈને જે સમ્યક્શ્રદ્ધા–જ્ઞાન–આચરણરૂપ પરિણામનું ભજન તે ભક્તિ છે; શ્રાવક અને શ્રમણ શુદ્ધરત્નત્રયવડે આવી ભક્તિ કરે છે, તે જ નિર્વાણ માટેની ભક્તિ છે. (૧)

卐 ધર્મી–શ્રાવકને જેટલા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ શુદ્ધપરિણામ છે તેટલી નિર્વાણની પરમ ભક્તિ છે, તેટલો મોક્ષમાર્ગ છે. (૨)

卐 પરમ નૈષ્કર્મ્ય (શુભાશુભ કોઈપણ કર્મથી રહિત) એવા મુનિવરોને પણ રત્નત્રયની ભક્તિ હોવાનું કહ્યું;–આ ભક્તિ શું રાગવાળી છે? ના; રત્નત્રયની જેટલી શુદ્ધતા થઈ તેટલી શુદ્ધરત્નત્રયની ભક્તિ છે, તે જ નિર્વાણભક્તિ છે, આ ભક્તિ અપુનર્ભવ એવા મોક્ષનું કારણ છે. શ્રાવકને પણ સમ્યક્ત્વાદિની જેટલી શુદ્ધતા છે તેટલી ભક્તિ છે. (૩)

卐 આવી નિર્વાણભક્તિ કોઈ પરના આશ્રયે થતી નથી, બહારમાં બીજા ભગવાનના આધારે પણ આવી નિર્વાણભક્તિ થતી નથી, પણ અંતરમાં પોતાના પરમાત્માની સન્મુખ થઈને આવી ભક્તિ થાય છે. સ્વભાવમાં ઉપયોગને જોડવાથી આવી પરમ ભક્તિ થાય છે. આવી ભક્તિ વડે ઋષભાદિ જિનવરો નિર્વાણસુખને પામ્યા; માટે તું પણ ઉપયોગને અંતર્મુખ કરીને આવી શ્રેષ્ઠ ભક્તિ કર. (૪)

卐 શ્રાવક પણ શુદ્ધરત્નત્રયનો ભક્ત છે. સમ્યક્ત્વાદિ વડે જે શુદ્ધ રત્નત્રયની ભક્તિ કરે છે, તેની આરાધના કરે છે, તે શ્રાવક છે. રત્નત્રયની આવી આરાધના વગર શ્રાવણપણું કે મુનિપણું હોય નહિ. (૫)

卐 શુદ્ધરત્નત્રયની સેવા–ભક્તિ પોતાના પરમાત્મતત્ત્વની સન્મુખતા વડે થાય છે. સ્વસન્મુખ થઈને જેણે શુદ્ધરત્નત્રયને સેવ્યા તે જીવ રાગને સેવે નહિ. શુભરાગ વચ્ચે આવી જાય તેને તે જીવ સેવવા યોગ્ય કે મોક્ષનું કારણ માનતો નથી. રાગ તે નિર્વાણભક્તિ નથી. (૬)

卐 અહો, જ્ઞાનસ્વરૂપ આત્મા, પોતે જ્ઞાનરૂપ થઈને જ્ઞાનને સેવે તે જ મોક્ષનું કારણ છે. પોતે જ્ઞાનસ્વરૂપ હોવા છતાં, અજ્ઞાની જ્ઞાનને એકક્ષણ પણ સેવતો નથી. જ્ઞાનનું સેવન કરે તો મોક્ષમાર્ગ પ્રગટે. (૭)

卐 ગુણ–ગુણી અભેદ કરીને, એટલે કે દ્રવ્ય–પર્યાય અભેદ કરીને જ જ્ઞાનનું સેવન થાય છે. આવી રીતે જ્ઞાનનું સેવન કર્યું તે તો સાધક થયો, તે અનંત સિદ્ધ ભગવંતોનો કુટુંબી થયો, તેણે સંસાર સાથે સંબંધ તોડયો ને સિદ્ધપદ સાથે સંબંધ જોડયો. (૮)

卐 ભગવંતો જે કરીને નિર્વાણ પામ્યા તેવું પોતામાં કરવું તે જ ખરી નિર્વાણભક્તિ છે, તે જ મોક્ષગત પુરુષોની ગુણભક્તિ છે. આવી ગુણભક્તિ તો મોક્ષનું કારણ છે. આવી ગુણભક્તિ રાગવડે થઈ શકતી નથી, સ્વભાવ સન્મુખતા વડે જ થાય છે. (૯)

卐 રાગથી આત્માના ગુણની પ્રાપ્તિ માનવી કે રાગને મોક્ષનું કારણ માનવું તે તો રત્નત્રયમાર્ગની વિરાધના છે; રાગથી ધર્મ માનનાર જીવને સાચી રત્નત્રયભક્તિ હોય નહિ એટલે કે તેને રત્નત્રયની આરાધના હોય નહીં. (૧૦)

卐 સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ અંતર્મુખ ભાવવડે મોક્ષની આરાધના એ જ મોક્ષની ભક્તિ છે. શ્રેણીકરાજા પણ ક્ષાયિકસમ્યક્ત્વ વડે આવી મોક્ષભક્તિ કરતા હતા. શ્રાવકને પણ અંશે રત્નત્રયની આરાધના હોય છે, એટલે તેને નિર્વાણની ભક્તિ છે, તેથી તે ભક્ત છે–ભક્ત છે. (૧૧)

卐 વીતરાગપુરુષોની પરમાર્થભક્તિ એ છે કે, જે કારણપરમાત્માને શુદ્ધરત્નત્રયવડે આરાધીને તેઓ સિદ્ધ થયા, તે કારણપરમાત્માની સન્મુખ થઈને પોતે તેની આરાધના કરવી. આવી આરાધના–ભક્તિ તે ભવભયને હરનારી છે. શુદ્ધ સમ્યક્ત્વાદિ વડે આવી આરાધના કરનાર જીવ ભક્ત છે... ભક્ત છે, તે મોક્ષનો સાધક છે... સાધક છે. (૧૨)

卐 શુદ્ધ રત્નત્રયની આરાધનારૂપ આ ભક્તિ ધર્મીને નિરંતર હોય છે. અમુક જ વખત આવી ભક્તિ હોય છે–એમ નથી, પરંતુ જેટલી શુદ્ધિ છે તેટલી તો નિરંતર ભક્તિ છે. –આવી અતુલ ભક્તિ નિરંતર કર્તવ્ય છે. (૧૩)

卐 શ્રાવક હો કે શ્રમણ હો, તેને રત્નત્રયની જેટલી શુદ્ધિ છે તેટલું તેનું ચિત્ત તો પુણ્યપાપથી મુક્ત જ છે. સમ્યક્ત્વાદિ શુદ્ધપરિણતિમાં રાગ–દ્વેષ કેવા? ભલે શ્રાવક હો, પુણ્ય–પાપ થતાં હોય, પણ તે પુણ્ય–પાપ શુદ્ધપરિણતિથી તો જુદા જ છે. શુદ્ધપરિણતિ તો ભવભયનો અંત કરનારી છે ને મોક્ષને જ સાધનારી છે. માટે આવી પરિણતિવાળો જીવ સદાય ભક્ત છે–ભક્ત છે; તેને સદાય નિર્વાણની ભક્તિ એટલે કે મોક્ષની આરાધના વર્તે જ છે. (૧૪)

卐 વાહ, જુઓ આ ધર્મી–શ્રાવકની દશા! એની રત્નત્રયપરિણતિમાં ચૈતન્ય પરમાત્મા સદા સમીપ છે, અને રાગાદિ ભાવો તેની પરિણતિથી અત્યંત દૂર છે. અરેરે, અજ્ઞાનીને રાગાદિ પુણ્ય–પાપ નજીક લાગે છે ને પરમાત્મા દૂર લાગે છે– એને પરમાત્માની ભક્તિ કેવી? (૧૫)

卐 પરમાત્માનો ભક્ત એટલે મોક્ષનો સાધક ધર્મી જીવ કહે છે કે મારો કારણ પરમાત્મા મારા રત્નત્રયમાં અત્યંત નજીક છે, મારી પરિણતિમાં તે અભેદપણે

વિદ્યમાન વર્તે છે, ને પુણ્ય–પાપ તો મારી ચૈતન્ય પરિણતિથી તદ્દ્ન જુદા છે– આવો ધર્મી જીવ તે સર્વજ્ઞપ્રભુનો પુત્ર છે. (૧૬)

卐 મોક્ષગત જીવો અભેદપરિણતિ વડે કારણપરમાત્માને આરાધીને સિદ્ધ થયા છે;– તેમની ભક્તિ કરનાર પણ એમ જ જાણે છે કે મારા કારણપરમાત્માને અંતર્મુખ શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રની શુદ્ધ અભેદ પરિણતિ વડે હું આરાધું–તે જ મને મોક્ષનું કારણ છે; આથી વિરુદ્ધ માને તો તેને મોક્ષગત પુરુષોની સાચી ભક્તિ હોય નહીં. શ્રદ્ધા–જ્ઞાન–શાંતિની અભેદ પરિણતિવાળો જીવ નિરંતર ભગત છે.. ભગત છે. તે જિનેશ્વરદેવનો લઘુનંદન છે. (૧૭)

卐 જુઓ, સિદ્ધની ભક્તિ કરનાર જીવ પ્રથમ તો એ જાણે છે કે તેઓ કઈ રીતે સિદ્ધિ પામ્યા? કે અંતર્મુખ શુદ્ધ રત્નત્રયની અભેદપરિણતિ વડે કારણપરમાત્માને અનુભવીને તેઓ સિદ્ધ થયા. એટલે આવી કારણપરમાત્માની અભેદ આરાધના તે નિશ્ચયથી મુક્તિનું કારણ છે, તે પરમાર્થ ભક્તિ છે. (૧૮)

卐 મોક્ષગત પુરુષોની ભક્તિ કરનાર જીવ તે મોક્ષગત પુરુષોના ગુણને જાણે છે, તે ગુણોને જાણીને તેના પ્રત્યેનો જે પ્રમોદભાવ તે સિદ્ધોની પરમભક્તિ છે. –આ વ્યવહારભક્તિ છે. આવી ભક્તિવાળો જીવ પણ એમ જ જાણે છે કે હું જેમની ભક્તિ કરું છું તેઓ અભેદ રત્નત્રયવડે જ મુક્તિ પામ્યા છે. ને મારે માટે પણ એ જ મુક્તિમાર્ગ છે. – આ રીતે તેમના માર્ગનું સેવન તે જ ભક્તિ છે. (૧૯)

卐 સીતાજી મહાસતી ધર્માત્મા, જેમના ઉદરમાં લવ–કુશ જેવા બે મોક્ષનાં રત્નો પડયા છે, તેમને જ્યારે રામચંદ્રજીએ વનમાં છોડી દેવાનો હુકમ કર્યો ત્યારે વનમાંથી સીતાજી રામને એવો સંદેશ કહેવડાવે છે કે લોકનિંદાથી ડરીને મને તો છોડી પણ લોકો કદિક જૈનધર્મની પણ નિંદા કરે તો તે નિંદા સાંભળીને ધર્મને ન છોડશો. મુનિવરો વગેરે ચાર સંઘની ભક્તિ સદાય કરજો. –આવો શુભવિચાર આવ્યો તે વ્યવહારભક્તિ છે; તે જ વખતે રાગથી પાર આત્માના શ્રદ્ધા–જ્ઞાન–આનંદની જેટલી આરાધના વર્તે છે. તેટલી પરમાર્થભક્તિ છે. ઉદરમાં રહેલા લવ–કુશ બંને પણ ધર્માત્મા હતા, ચરમશરીરી હતા, તેમનેય તે વખતે શુદ્ધસમ્યક્ત્વાદિરૂપ નિર્વાણભક્તિ વર્તતી જ હતી. આ રીતે શ્રાવકોને પણ શુદ્ધરત્નત્રયની નિશ્ચયભક્તિ હોય છે, ને તેટલી મોક્ષની આરાધના હોય છે. (૨૦)

卐 રામચંદ્રજી પણ, જ્યારે સીતાજીને રાવણ લઈ ગયો ત્યારે વન જંગલમાં ચારેકોર સીતાજીને ઢૂંઢે છે, છતાં તે વખતેય અંદર નિજકારણપરમાત્માના શ્રદ્ધા–જ્ઞાન–શાંતિથી જેટલી અભેદ રત્નત્રયની આરાધના વર્તે છે તેટલી નિશ્ચયથી મોક્ષભક્તિ છે. અને તે શુદ્ધ પરિણતિ તો સીતાજી પ્રત્યેના રાગાદિથી પણ જુદી જ છે, રાગનો પ્રવેશ તે સમ્યક્ત્વાદિ શુદ્ધપરિણતિમાં નથી. (૨૧)

卐 અહો, સમ્યગ્દ્રષ્ટિને પોતાનો ચૈતન્યપ્રભુ હાજરાહજુર છે. એની શુદ્ધ પરિણતિ એક ક્ષણ પણ નિજકારણ પરમાત્માથી જુદી પડતી નથી. આવી અભેદરૂપ શુદ્ધરત્નત્રય પરિણતિ વડે કારણપરમાત્માને આરાધીને જ મોક્ષગત જીવો સિદ્ધ થયા છે. –આ રીતે તેમના કેવળજ્ઞાનાદિ ગુણોવડે તેમને ઓળખવા તે વ્યવહારભક્તિ છે. –ગુણની ઓળખાણ વગર ભક્તિ કોની? (૨૨)

卐 સાધક જીવ પોતે મોક્ષનો આરાધક થઈને મોક્ષગત જીવોની ભક્તિ કરે છે, તેને નિશ્ચય–વ્યવહાર બંને ભક્તિ યથાર્થ છે. જેટલી રાગ વગરની અભેદપરિણતિ થઈ તે નિશ્ચયસિદ્ધભક્તિ છે, ને તે નિર્વાણનું કારણ છે. પંચપરમેષ્ઠી વગેરે પ્રત્યેનો જેટલો રાગ છે તે તો પુણ્યબંધનનું કારણ છે, તે કાંઈ મોક્ષનું કારણ નથી. (૨૩)

卐 દુનિયામાં સૌથી ઊંચા સ્થાને (લોકાગ્રે) સિદ્ધભગવંતો વસે છે, અને લોકમાં સૌથી મહાન ગુણવાળા પણ તેઓ જ છે. –એવા સિદ્ધભગવંતો કઈ રીતે સિદ્ધ થયા? –કે શુદ્ધાત્મભાવનાથી સિદ્ધ થયા. એમ ઓળખીને હું તે સિદ્ધભગવંતોને નિરંતર નમું છું–એટલે કે જેવી શુદ્ધાત્મભાવના તેમણે ભાવી હતી તેવી જ શુદ્ધાત્મભાવના હું નિરંતર ભાવું છું. –આવી આત્મભાવનાથી આનંદથી પુષ્ટિ થાય છે. –એ જ નિર્વાણભક્તિ છે. (૨૪)

卐 અહો, સિદ્ધ ભગવંતોના મહાન અતીન્દ્રિય પરમસુખની શી વાત? એનો જેણે સ્વીકાર કરીને આદર કર્યો તે જીવ શુભરાગને મોક્ષનું સાધન માને નહિ; તે તો જાણે છે કે મારા શુદ્ધાત્મતત્ત્વની ભાવનાથી જ મને આવા મહાન સુખનો અનુભવ થાય છે; તેથી શુદ્ધાત્મભાવનારૂપ પરિણતિ તે જ પરમાર્થ સિદ્ધભક્તિ છે. (૨૫)

卐 જેણે અંતર્મુખ થઈને કારણપરમાત્માનો સ્વીકાર કર્યોને તેમાં પોતાની પરિણતિને અભેદ કરી તેણે સિદ્ધપુરીમાં જવા માટે ફર્સ્ટ કલાસની ટિકિટનું રિઝર્વેશન કરાવી લીધું... તેણે સિદ્ધપુરીમાં જવાની મંગલયાત્રા શરૂ કરી દીધીને અલ્પકાળમાં સિદ્ધ થવાનું ચોક્કસ થઈ ગયું. –આનું નામ સિદ્ધભક્તિ છે. સિદ્ધભક્તિ કહો, નિર્વાણભક્તિ

કહો, આત્માની આરાધના કહો કે રત્નત્રય કહો; આવી દશા જેણે પ્રગટ કરી તે મુનિ અને તે શ્રાવક નિરંતર ભક્ત છે-ભક્ત છે, ક્ષણેક્ષણે તે આત્માના સિદ્ધપદને સાધી જ રહ્યા છે. (૨૬)

卐 સિદ્ધભગવંતો ઇન્દ્રિયોનો વિષય નથી, તેઓ અતીન્દ્રિય–અશરીરી થયા છે. છદ્મસ્થના જ્ઞાનમાં તેઓ પ્રત્યક્ષ નથી, પરોક્ષ છે. સાધક જીવ પોતાના આત્માને સ્વસંવેદનમાં પ્રત્યક્ષ કરે છે તે પરમાર્થ સિદ્ધભક્તિ છે. અને બહારમાં સિદ્ધભગવંતો તરફ લક્ષ જાય–તે પરોક્ષ છે; તેથી તે વ્યવહારભક્તિ પરોક્ષ છે. (૨૭)

卐 અહો, સિદ્ધભગવંતો જગતમાં સૌથી શ્રેષ્ઠ છે; તેઓ પ્રસિદ્ધ છે. આવા સિદ્ધભગવંતોના ગુણને ઓળખીને, તેમના જેવા પોતાના કારણપરમાત્મતત્ત્વની ભાવનારૂપ અભેદરત્નત્રયપરિણતિ, તે આત્માનું પરમાર્થવાત્સલ્ય છે, તેમાં આત્માની રક્ષા છે. અહો, આવી અભેદરત્નત્રયપરિણતિ વડે આત્માને સાધનારા ૭૦૦ મુનિવરોની રક્ષાનો આજે દિવસ છે. (શ્રાવણ પૂર્ણિમા) (૨૮)

卐 જેનાથી નિજઆત્માની પ્રાપ્તિ થાય, આત્માના આનંદરૂપી અમૃતનો જેમાં સ્વાદ આવે, –એનું નામ નિજપરમાત્માની ભક્તિ છે. રાગનો સ્વાદ એ કાંઈ પરમાત્માની ભક્તિ નથી; અંદર પોતાના પરમાત્મતત્ત્વ તરફ મુખ કરીને તેમાંથી આનંદરસ પીવો તે નિજપરમાત્માની ભક્તિ છે. (૨૯)

卐 નિર્વાણભક્તિ કરવા માટે આત્માને ક્યાં સ્થાપવો? કે રાગ વગરના શુદ્ધ રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ–પર્યાયમાં આત્માને સ્થાપતાં પરમાત્માના આનંદના ઘૂંટડા પીવાય છે, તે જ મુક્તિની પરમભક્તિ છે. પરમાત્માની ભક્તિ કહો કે મોક્ષની ભક્તિ કહો, કે રત્નત્રયની આરાધના કહો કે આનંદરસનો અનુભવ કહો, –બધું આમાં સમાય છે. (૩૦)

卐 દ્રવ્યમાં પર્યાયને સ્થાપવી એમ કહો, કે પર્યાયમાં દ્રવ્યને સ્થાપવું–એમ કહો, –તે બંને એક જ છે; કેમકે અંદરની અનુભૂતિમાં 'આ દ્રવ્યને આ પર્યાય' એવો ભેદ ક્યાં છે? ત્યાં તો અભેદઅનુભૂતિનો આનંદ છે. સમયસારમાં 'દર્શન–જ્ઞાન–ચારિત્ર–પર્યાયમાં સ્થિત આત્માને સ્વસમય કહ્યો; તેમજ 'તું સ્થાપ નિજને મોક્ષપંથે' એમ કહ્યું. એ રીતે નિર્મળ રત્નત્રયરૂપ અભેદપરિણતિમાં આત્માને સ્થાપવો તે જ પરમાત્માની પરમભક્તિ છે. તેમાં રાગ નથી, તેમાં આનંદના અમૃતરસ પીવાય છે. (૩૧)

卐 આત્માના સહજ ગુણો અને તેની નિર્મળ પરિણતિ તે બીજા કોઈની સહાય વગરના અસહાય છે. આત્માના આનંદના અનુભવમાં બીજા કોઈની સહાય નથી, શુભરાગની સહાય નથી. આવા અસહાય (સ્વાધીન) ગુણવાળા આત્માની પ્રાપ્તિ વીતરાગરત્નત્રયમાં આત્માને સ્થાપીને થાય છે. (૩૨)

卐 વાહ! આત્માને પંચપરમેષ્ઠીની સાથે બેસાડીને, આત્માના આનંદના ઘૂંટડા પીતા–પીતા મોક્ષની કેવી ભક્તિ કરી છે? આ ભક્તિમાં રાગ નથી; આ તો વીતરાગી આનંદવાળી ભક્તિ છે. (૩૩)

卐 જેના ભણકારે ભગવાન થવાની ખાતરી થઈ જાય–એવો મહાન આત્મા છે. અહા, જે આત્માના સ્વભાવનો મહિમા સાંભળતાં પણ આવો પ્રમોદ અને શાંતિના ભણકાર આવે તેના સાક્ષાત્ અનુભવના આનંદની તો શી વાત? આમ ચૈતન્યસ્વરૂપનો પરમ મહિમા ભાસે તો તેમાં અભિમુખ થઈને આનંદરસના ઘૂંટડા પીવે. –આનું નામ પરમાત્માની પરમભક્તિ છે. આવી ભક્તિ વડે પોતાના સહજ ચિદાનંદતત્ત્વની પ્રાપ્તિ થાય છે. (૩૪)

卐 અહા, જુઓ તો ખરા, આચાર્યદેવે પરમાત્મતત્ત્વની ભાવનાને કેવી મલાવી છે! નિજભાવના–અર્થે આ પરમાગમ રચ્યું છે, કાંઈ દુનિયાને રાજી કરવા નથી રચ્યું. દુનિયા ભલે સાંભળી લ્યે કે આવું અદ્ભુત પરમાત્મતત્ત્વ છે, તે જ ભાવના કરવા જેવું છે. (૩૫)

卐 ભાઈ, તારે ભક્તિ કરવી છે ને! તો આત્માને આત્મામાં જ રાખીને એવી ભક્તિ કર કે જેનાથી મુક્તિની પ્રાપ્તિ થાય. આત્માને રાગમાં રાખીને ભક્તિ કરવાથી કાંઈ મુક્તિ થતી નથી. ભક્તિ તો એવી જ શોભે કે જેનાથી આનંદમય મુક્તિ મળે. (૩૬)

卐 ચૈતન્યચમત્કારમય નિજ આત્માની ભક્તિથી, એટલે કે તેમાં પર્યાયને સ્થિર કરવાથી, અજોડ એવું નિજઘર પ્રાપ્ત થાય છે કે જે આનંદમય સંપદાથી શોભીતું છે, ને જેમાં કોઈ વિપદા નથી. ઉપરના શુભરાગમાં કાંઈ આનંદ નથી, ને તેનાથી મોક્ષઘરમાં જવાતું નથી. મોક્ષઘરમાં જવું હોય તો આત્માને પરભાવથી છૂટો કરીને સમ્યક્ત્વાદિ નિજભાવમાં જોડ. (૩૭)

卐 ઉપયોગનું આત્મસ્વરૂપમાં જોડાણ તે યોગભક્તિ છે. આ નિર્વિકલ્પ યોગભક્તિમાં

ઉપશાંતરસ ઝરે છે. આસન્નભવ્યજીવ આવી યોગભક્તિવડે પરમ–આનંદ સાથે પોતાના પરમાત્મતત્ત્વને જોડે છે, અદ્વૈતપણે તેનો અનુભવ કરે છે. –આ સિવાય બીજી રીતે યોગભક્તિ હોતી નથી. આવા અદ્વૈત આનંદમય શુદ્ધોપયોગરૂપ જે ભક્તિયોગ તે જ યોગીઓને મોક્ષ દેનાર છે. (૩૮)

卐 અહો, આત્માનો અદ્ભુત મહિમા! એના સિવાય જગતમાં બીજે કયાંય કોઈ વસ્તુનો મહિમા આવે તો તે પોતાના ઉપયોગને તેમાંથી પાછો વાળીને આત્મામાં કેમ જોડશે? અરે, મારા આત્મા સિવાય બહારમાં મારા માટે કાંઈ છે જ કયાં? આનંદનો ભંડાર તો અંદર આત્મામાં ભર્યો છે, –એમ અચિંત્ય મહિમા વડે આત્મામાં ઉપયોગની એકાગ્રતા કરવી તે યોગભક્તિ છે. (૩૯)

卐 અરે, આત્માના આનંદસ્વરૂપમાં જે જ્ઞાન ન જોડાય, અને આત્માને ભૂલીને બહારમાં જે જ્ઞાન ભમે તેમાં આત્માનું શું હિત છે? એ તો બધા રાગના પ્રપંચ છે. ચૈતન્યને ભૂલીને બહારના જાણપણામાં જે સંતોષાઈ ગયો તેને તો પરમાં સુખબુદ્ધિ છે, તે પોતાના ઉપયોગને આત્મસ્વરૂપમાં જોડતો નથી તેથી તેને 'શુદ્ધમાં ઉપયોગરૂપ ભક્તિ' કયાંથી હોય? (૪૦)

卐 અહો! શુદ્ધ ઉપયોગરૂપ યોગભક્તિ મહા આનંદમય છે; આવી ભક્તિમાં આત્માને ડોલાવીને આચાર્ય ભગવાને આ પંચમકાળમાં વીતરાગી અમૃતના વરસાદ વરસાવ્યા છે ને મુમુક્ષુના આત્મામાં આનંદના સુકાળ કરી દીધા છે. આત્મામાં આનંદનાં વાજા વાગે–એવી આ ભક્તિ છે. ધર્મીજીવ આત્મામાં આનંદનાં વાજાં વગાડતો–વગાડતો મોક્ષમાં ચાલ્યો જાય છે. (૪૧)

卐 અહો, આ આત્મયોગ તે સાચો યોગ છે, તેમાં પોતાના આત્મબંધુ સાથે ચૈતન્યપરિણતિ એકાકાર થઈને તેને ભજે છે. આવી યોગભક્તિ તે મુક્તિના આનંદની દેનાર છે. (૪૨)

卐 મુક્તિના કારણરૂપ અનુપમ યોગભક્તિનું આ વર્ણન છે. યોગ એટલે જોડાણ; કોની સાથે? કે પરમ સમરસભાવરૂપ આત્મા, જેમાં કોઈ વિકલ્પ નથી, તેમાં આત્મઉપયોગને જોડવો તે અપૂર્વ યોગભક્તિ છે. (૪૩)

卐 આત્મામાં એકાગ્ર થઈને શાંતભાવરૂપે આત્મા પરિણમ્યો, તે શાંતિ સાથે જોડા–

યેલો આત્મા અતિ આસન્નભવ્ય છે; તેનો અતિ અપૂર્વ વીતરાગરત્નત્રયરૂપ ભાવ તે જ મોક્ષની અપૂર્વ ભક્તિ છે. (૪૪)

卐 અનંતકાળમાં પૂર્વે કદી નહિ કરેલી એવી અપૂર્વ શાંતિ કેમ થાય તેની આ વાત છે. પોતાનો આત્મા પરમ સમતારસસ્વરૂપ છે, તેમાં ચૈતન્યના આનંદની મોજ છે. –તેમાં અંતર્મુખ થતાં આનંદમય મોક્ષમાર્ગ પ્રગટે છે. તેમાં બહારનું કોઈ અવલંબન નથી. (૪૫)

卐 બહારના અવલંબને અનંતવાર જે કરી ચુકયો છતાં જેમાં શાંતિ ન મળી તેનાથી જુદી જાતની કોઈ અપૂર્વ આ વાત છે, ચૈતન્યના સમભાવરૂપી અમૃતની આ વાત છે; તેમાં અશુભ કે શુભ સર્વ વિકલ્પનો અભાવ છે, ને નિર્વિકલ્પ આનંદમય સમરસ ઝરે છે. –આવો વીતરાગનો માર્ગ છે, ને આવી વીતરાગ માર્ગની (રત્નત્રયની) ભક્તિ છે. (૪૬)

卐 અહા, સમ્યગ્દર્શનમાં ને સમ્યગ્જ્ઞાનમાં તો આત્માના પરમ આનંદનું વેદન છે. તે જ રાગના અભાવરૂપ ભક્તિ છે. આવી ભક્તિ ગૃહસ્થ–શ્રાવકને પણ હોય છે. (૪૭)

卐 સમ્યગ્દ્રષ્ટિને પોતાની ચૈતન્યજાત કેવી છે તેનું જ્ઞાન છે. પૂર્વે પણ મારો આત્મા આવો હતો–એમ ચૈતન્યજાતિનું ત્રણેકાળનું જ્ઞાન ધર્મીને વર્તે છે. પૂર્વનો ભવ ક્યાં હતો– તે ક્ષેત્રાદિ ભલે યાદ આવે કે ન આવે પણ વર્તમાન સ્વસન્મુખપર્યાયના બળે ચૈતન્યજાતિનું પૂર્વનું ને ભવિષ્યનું પણ જ્ઞાન કરવાની તાકાત સાધકને છે, –આ પારમાર્થિક જાતિસ્મરણજ્ઞાન છે, ને તે બધા સમ્યક્દ્રષ્ટિને હોય છે. આત્માની ત્રિકાળિકતાના જ્ઞાન વગર સમ્યગ્દર્શન હોઈ શકતું નથી. (૪૮)

卐 મારી ચૈતન્યજાતમાં પૂર્વની અનંત પર્યાયો થઈ, ને ભવિષ્યમાં અનંત પર્યાયો થશે–તે ત્રણેકાળની ચૈતન્યજાતિને ધર્મી જીવ જાણી લ્યે છે, તે પરમાર્થરૂપ જાતિસ્મરણ છે. આવા સ્વજાતિના સ્મરણ વગર સમ્યગ્દર્શન થાય નહીં. ભવસંબંધી જાતિસ્મરણ તે જુદી જાત છે, ને આ ચૈતન્યની સ્વજાતનું સ્મરણ તે અપૂર્વ સમ્યક્ત્વાદિરૂપ મહા શાંતિથી ભરેલું છે. (૪૯)

卐 દ્રવ્યની સન્મુખ થઈને તેને જાણતાં, તે દ્રવ્યની સ્વજાતની ત્રણેકાળની પર્યાયનું પણ જ્ઞાન તેમાં આવી ગયું; ત્રણેકાળને એક કાળમાં તે કળી લ્યે છે. (૫૦)

卐 પૂર્વભવનું સ્મરણ અત્યારે થાય છે, તો તે તાકાત તો વર્તમાનપર્યાયની છે ને! વર્તમાનપર્યાયમાં પણ કેટલી ગંભીર તાકાત છે! –કે ત્રણેકાળની પર્યાયસહિત દ્રવ્યનો તે નિર્ણય કરી લ્યે છે. દ્રવ્ય–ગુણની ત્રિકાળી અપાર શક્તિનું માપ સ્વસન્મુખ વર્તમાનપર્યાયે કરી લીધું છે. –આવી સ્વસન્મુખ પર્યાય તે વિકલ્પથી પાર છે, સમરસથી ભરેલી છે, તે જ પરમ યોગભક્તિ છે;– આવી યોગભક્તિ અતિ આસન્નભવ્ય ધર્માત્માઓને હોય છે. (૫૧)

卐 ભવિષ્યની કેવળજ્ઞાનાદિ પર્યાય તે–તે કાળે મારા આ સ્વદ્રવ્યના અવલંબને જ થશે, – એમ સ્વદ્રવ્યને વર્તમાનપર્યાયે અંતર્મુખ થઈને કબજે કરી લીધું ત્યાં કેવળજ્ઞાનનો નિર્ણય તેમાં આવી ગયો. અરે, વર્તમાનપર્યાય આવડી મોટી તાકાતવાળી, તો અખંડ સ્વભાવના તારા મહિમાની શી વાત! આવો ત્રણકાળનો નિર્ણય કરવાની શું રાગમાં તાકાત છે? શું વિકલ્પમાં આવો નિર્ણય કરવાની તાકાત છે? –ના. આ તો ચૈતન્યમાં સ્વસન્મુખ થયેલી જ્ઞાનપર્યાયની તાકાત છે. (૫૨)

卐 જુઓ, ભૂત–ભવિષ્યની ચૈતન્યજાતિના નિર્ણયરૂપ આવું જાતિસ્મરણ (સ્વકીય ચૈતન્યજાતનો અનુભવ) બધા સમ્યગ્દ્રષ્ટિને હોય છે. –તે પોતાની ચૈતન્યજાતને ત્રણેકાળ સ્વતંત્ર જાણે છે. જુઓ, આ આત્માની સ્વતંત્રતા! આજે ભારતની સ્વતંત્રતાનો દિવસ (૧૫ ઓગષ્ટ) છેને! તેનું સરઘસ લોકો ધામધૂમથી કાઢે છે ને વાજાં વગાડે છે; પણ એમાં તો કાંઈ સુખ નથી. આ તો સમ્યગ્દર્શનના ને સમ્યગ્જ્ઞાનના વાજાં વગાડતાં–વગાડતાં સિદ્ધપદમાં જવાનું સરઘસ કાઢવાની વાત છે. તીર્થંકરોના સ્વાધીનમાર્ગમાં સાધક જીવો જ્ઞાનપર્યાયના વાજાં વગાડતાં–વગાડતાં સિદ્ધપદમાં જઈ રહ્યા છે. (૫૩)

卐 અરે પ્રભુ! તારી એક જ્ઞાનપર્યાયમાં પણ કેવી અપાર સમૃદ્ધિ છે! –જેની પર્યાયની તાકાત ત્રણકાળનો નિર્ણય કરી લ્યે, –આવો જ્ઞાનસ્વભાવ જેને અંતરમાં બેસે તેને વિકલ્પ તૂટયા વગર રહે જ નહીં. અંતરના ચૈતન્યના અવલંબને વિકલ્પ તૂટીને પોતાના આનંદનો અપૂર્વ વિલાસ તેને પ્રગટે છે. (૫૪)

卐 હે ભાઈ, તારા આત્માની વાત તેં ઊંડેથી નથી માની, ઉપર–ઉપરથી સાંભળીને હા પાડી, પણ ઊંડેથી એટલે અંતર્મુખ થઈને તેં આત્માનો સ્વીકાર ન કર્યો; તેં આત્માને રાગમાં જોડીને હા પાડી, પણ રાગથી આઘો ખસીને, આત્માને

આનંદમય નિર્મળપર્યાયમાં જોડીને તેં હા ન પાડી જો એકવાર રાગથી જાુદો પડી અંતરમાં ઊંડા ચૈતન્યભાવને સ્પર્શીને તેની હા પાડ તો તારો બેડો પાર થઈ જાય. (૫૫)

卐 અહા, ચૈતન્યનો અપાર અનંત મહિમા, તેનો સ્વીકાર તો પર્યાયમાં થાય છે ને! બાપુ! આવા આત્મામાં સ્વસન્મુખ પર્યાય તે તારો માર્ગ છે; બહારમાં બીજે કયાંય તારો માર્ગ નથી. માટે તારા આત્માને તારી પરમસમરસી પર્યાયમાં જોડ. (૫૬)

卐 તારા શુદ્ધદ્રવ્યમાં પરિણતિને જોડ, ને શુદ્ધ પરિણતિમાં દ્રવ્યને જોડ, –એટલે બંને અભેદ થયા; આ રીતે હે જીવ! તારા આત્માને આત્મામાં જ જોડીને તું સ્વદ્રવ્યની રક્ષા કર. આનું નામ ભગવાનની ભક્તિ છે, આનું નામ ગુરુની આજ્ઞા છે, આ જ પરમાગમનું રહસ્ય છે. જેણે આમ કર્યું તેણે સત્યની રક્ષા કરી, તેણે પોતાના આત્માને મોક્ષમાર્ગમાં જોડયો. (૫૭)

卐 ચિદાનંદસ્વભાવમાં સંપૂર્ણ અંતર્મુખ થઈને પરમાર્થ ભક્તિ થાય છે; કોઈપણ બહિર્મુખ ભાવ વડે મોક્ષની પરમાર્થ ભક્તિ થતી નથી. સંપૂર્ણ અંતર્મુખ પર્યાય–તેમાં એક વિકલ્પ પણ પાલવતો નથી; આવી પર્યાય વડે અત્યંત નીકટ કાળમાં જ મોક્ષદશા ખીલી જાય છે. સર્વે તીર્થંકરો પર્યાયને અંતર્મુખ કરીને આવી ભક્તિવડે મુક્તિ પામ્યા. તું પણ તારી પર્યાયને સમરસભાવમાં જોડીને આવી ભક્તિ કર. (૫૮)

卐 ભગવાન! તને મોક્ષના પંથે લઈ જવા માટેનો આ આત્મવૈભવ અપાય છે. તારા ચૈતન્યના અપાર કરિયાવર સહિત સંતો અને મોક્ષમાં વોળાએ છે. તું તારી ચૈતન્યપરિણતિના વૈભવમાં આત્માને જોડીને મોક્ષના માર્ગે આવ. (૫૯)

卐 જેમ નવા કોરા માટીના ઘડા ઉપર પાણીનું ટીપું પડતાં વેંત તે ચૂસી લ્યે છે, તેમ હે મુમુક્ષુ! તારા ચૈતન્યના મહિમારૂપી આ જળબિંદુ–તેને પ્રેમથી આત્મામાં ચૂસી લે. તે ચૂસતાં–ચૂસતાં તારો ચૈતન્યઘડો આનંદના જળથી ભરાઈ જશે.. ચૈતન્યનો મહિમા ઘૂંટતાં ઘૂંટતાં તેનો અનુભવ થશે. (૬૦)

卐 વાહ! સિદ્ધપુરીના રસ્તા દિગંબર સંતોએ ખૂલ્લા કર્યા છે. ધર્માત્મા પોતાની પર્યાયમાં (શુભાશુભરાગ વગરની સમરસપર્યાયમાં) આત્માને જોડે છે ને સિદ્ધપુરીના મંગલમાર્ગે ચાલ્યા જાય છે. અમે અમારા આત્માને આવી સમરસપર્યાયમાં

જોડયો છે, ને હે ભવ્ય જીવો! તમે પણ તમારા આત્માને આવી સમરસપર્યાયમાં પરિણમાવીને મોક્ષના માર્ગમાં આવો. ( ૬૧ )

卐 જગતના જીવોમાં છમહિના–આઠસમયે ૬૦૮ જીવોની ધારા નિરંતર મોક્ષમાં ચાલી જ જાય છે. છમહિના–આઠસમયમાં ૬૦૮ જીવો આત્માની લબ્ધિ કરે છે–એવી જે અખંડ મોક્ષની ધારા ચાલી રહી છે–તું પણ તેમાં ભળી જા... ને! આમ સંતો મોક્ષ માટેનાં આમંત્રણ આપે છે. અમે તો મુક્તિનો મહોત્સવ માંડયો છે–તું પણ તે મહોત્સવમાં ભળી જા. ( ૬૨ )

卐 જિનદેવ અને ગણધરદેવ સમસ્ત ગુણને ધારણ કરનારા છે, તેમણે પ્રકાશેલું જે પરમચૈતન્યતત્ત્વ, તે રૂપ પોતાનો આત્મભાવ થવો, એટલે કે વિપરીતતા રહિત તે તત્ત્વના શ્રદ્ધા–જ્ઞાન–એકાગ્રતારૂપ આત્મભાવ થવો, તે પરમ યોગ છે. સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન–સમ્યક્ચારિત્ર એ ત્રણેય પરમ યોગ છે. ( ૬૩ )

卐 પરમ યોગ એટલે ઉપયોગને અંતર્મુખ જોડીને આત્માનો અનુભવ, તે અનુભવરસમાં અનંતગુણનો રસ સમાય છે. અનંતગુણના રસનો આનંદ આત્માના અનુભવમાં સમાય છે, તે અનુભવરસ જગતમાં સૌથી શ્રેષ્ઠ છે. –

**ગુણ અનંતકો રસ સબે, અનુભવરસકે માંહી;**

**તાતેં અનુભવ સારીખો, ઓર દૂસરો નાંહીં.**

卐 જેમાં ચૈતન્યના અનંતગુણનો રસ સમાય છે એવો અનુભવ તે જ મોક્ષમાર્ગ છે. આત્માના અનુભવ સમાન આ જગતમાં બીજું કાંઈ નથી. ( ૬૪ )

卐 ભાઈ, તારી જે વસ્તુ છે, તારામાં જ જે ભરી છે, તેમાં તારા ઉપયોગને જોડતાં આનંદના વેદનસહિત જે પરમ સમતા થાય છે તે જ મોક્ષગત પુરુષોની પરમાર્થભક્તિ છે. જેમની ભક્તિ કરવાની છે તેમના જેવો ગુણ પોતામાં પ્રગટ કરવો તે જ ખરી ભક્તિ છે. વીતરાગની ભક્તિ વીતરાગભાવ વડે થાય, એનાથી વિરુદ્ધ એવા રાગભાવ વડે વીતરાગની ભક્તિ કેમ થાય? ( ૬૫ )

અહો, આત્માનો પરમ અદ્ભુત આનંદવૈભવ જે સ્વાનુભવમાં પ્રગટયો તેની શી વાત! સર્વજ્ઞદેવ–પરમગુરુ અને ગણધરદેવ વગેરે પરંપરા ગુરુઓ–જેઓ ચૈતન્યના આનંદરસમાં અત્યંત નિમગ્ન હતા, તેમના અનુગ્રહપૂર્વક અમને જે

શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ મળ્યો તે અનુસાર આત્માના સ્વસંવેદન વડે આત્માના મહા આનંદનો અપૂર્વ વૈભવ અમને પ્રગટયો છે. – એમ ધર્મી નિઃશંક જાણે છે. તેણે પોતાના આત્માને આવી સ્વાનુભવ–પર્યાયમાં જોડી દીધો છે, તે જ પરમ યોગભક્તિ છે. તેના વડે પ્રસિદ્ધ એવી આત્મલબ્ધિ (મુક્તિ) પમાય છે. (૬૬)

卐 અહા, જુઓ તો ખરા આ ભક્તિ! અરે જીવ! તને આવી પરમ ભક્તિ કરતાં કદી આવડયું નથી; બહારની ભક્તિના રાગમાં સંતોષ માનીને તું રોકાયો, પણ જ્ઞાનીના ગુણને ઓળખીને તેવો આત્મભાવ તેં પોતામાં પ્રગટ ન કર્યો એટલે તદ્‌ગુણની લબ્ધિ તને ન થઈ. અહીં તો આત્મામાં ઉપયોગને જોડીને આત્મભાવરૂપ ભક્તિ–કે જે મુક્તિનું કારણ છે તેની વાત છે. ભગવંતો આવી ભક્તિ વડે મોક્ષ પામ્યા–એમ જાણીને તું પણ આવી ભક્તિ કર. (૬૭)

卐 આત્માના યથાર્થસ્વરૂપમાં ઉપયોગનું જોડાણ તે પરમ ભક્તિ છે. જેણે તીર્થંકરોને ગણધરાદિના ઉપદેશ અનુસાર યથાર્થ તત્ત્વનો નિર્ણય કર્યો હોય, એટલે જૈનમાર્ગ અનુસાર આત્માનું સ્વરૂપ વિપરીતતા રહિત જાણ્યું હોય–તે જ તેમાં ઉપયોગને જોડી શકે, ને તેને મોક્ષના કારણરૂપ વીતરાગભક્તિ હોય. (૬૮)

卐 અહો, આવી ભક્તિવાળા ધર્મીજીવો કહે છે કે અમે તો ભગવાન તીર્થંકરદેવના ઉપજીવક છીએ, અમે તીર્થંકરના ચરણમાં વસનારા છીએ, અમે તીર્થંકરની સેવા કરનાર તેમના સેવક છીએ. વાહ રે વાહ! જુઓ આ ભગવાનનો ભક્ત! આને જૈન કહેવાય. (૬૯)

卐 ભરતક્ષેત્રના ભક્તો, ઉપયોગને અંતરમાં જોડીને કહે છે કે અહો ભગવાન! અમે આપના ચરણમાં વસનારા આપના ઉપજીવકો છીએ; એટલે આપે જે માર્ગ બતાવ્યો, આપે જે શુદ્ધચૈતન્યતત્ત્વ બતાવ્યું તેનો આશ્રય કરીને અમે જીવનારા છીએ. રાગનું જીવન એ અમારું જીવન નહીં. ચૈતન્યના આશ્રયે વીતરાગી રત્નત્રયરૂપ જીવનએ જ અમારું જીવન છે. આવું જીવન જીવનારો ભગવાનનો દાસ તે જૈન છે; તે ભક્ત છે–ભક્ત છે. (૭૦)

卐 શ્રી ગણધરદેવથી માંડીને અવિરત સમ્યગ્દષ્ટિ સુધીના બધા ધર્માત્માઓ તે તીર્થંકર પ્રભુના ઉપજીવકો જૈનો છે. (૭૧)

卐 એક સમયની સ્વસન્મુખ પર્યાયમાં આખા આત્માની કબુલાત આવી જાય છે. પર્યાયમાં જ્ઞાન–આનંદનો જે સ્વાદ સ્વસન્મુખતાથી આવ્યો તેવા જ્ઞાન–આનંદ–રસનો સમુદ્ર હું છું–એમ ગંભીર ચૈતન્યતત્ત્વ ધર્મીની અનુભૂતિમાં આવી ગયું છે. ( ૭૨ )

卐 તે ધર્મીએ સ્વસન્મુખ થઈને પોતાની પર્યાયમાં ચૈતન્યપ્રભુની પ્રતિષ્ઠા કરી છે. ( ૭૩ )

卐 અહા, આત્મા પોતે પોતાને સ્વાનુભૂતિથી કબુલ કરીને પરમસ્વરૂપે પર્યાયમાં પ્રસિદ્ધ થયો પછી ત્યાં ભવ કેમ રહે? તે નિઃશંક જાણે છે કે અમારી પર્યાયમાં પરમાત્મા જાહેર થયા છે, –પ્રસિદ્ધ થયા છે–પ્રગટ થયા છે. પરમાત્મા અમારી પર્યાયમાં બિરાજ્યાં છે; તેમાં હવે રાગ કે ભવ રહી શકે નહીં. અમે જિનનાથને અનુસરનારા જૈન થયા છીએ. આવા જૈનમાર્ગ સિવાય બીજા કોઈ માર્ગની માન્યતા તે મિથ્યાત્વ છે. ( ૭૪ )

卐 સ્વસન્મુખ થઈને અમે જૈનમાર્ગમાં આવ્યા, હવે અમારી પર્યાયમાં ભવનો ભાવ રહે નહીં. પરિણતિ તો રાગથી છૂટીને ચૈતન્યપ્રભુ સાથે જોડાઈ ગઈ– ત્યાં હવે ભવદુઃખ કેવા? ને અવતાર કેવા? એ તો આનંદ કરતો–કરતો જૈનમાર્ગે મોક્ષપુરીમાં ચાલ્યો જાય છે. તે રત્નત્રયનો ભક્ત છે–ભક્ત છે... મોક્ષના ડંકા તેની પર્યાયમાં વાગી રહ્યા છે. ( ૭૫ )

卐 અહો, ગણધરાદિ જૈનભગવંતોએ જે જીવાદિ તત્ત્વો કહ્યાં અને તેમાં જે ચૈતન્ય પરમતત્ત્વ કહ્યું, તે ચૈતન્યતત્ત્વને જેણે પોતાની સ્વાનુભૂતિમાં પ્રસિદ્ધ કર્યું તે જૈન થયો, તેને ભવનો અભાવ થઈ ગયો. ભવનો અભાવ કરનારું આનંદમય ચૈતન્યતત્ત્વ તેની પર્યાયમાં પ્રસિદ્ધ વર્તે છે. આવો જીવ ભગવાનનો ખરો ભક્ત છે. તેને રત્નત્રસ્વરૂપ નિર્વાણભક્તિ નિરંતર વર્તે છે. ( ૭૬ )

卐 નિશ્ચય ભક્તિનો સંબંધ પોતાના આત્મા સાથે છે. આત્મસન્મુખતારૂપ આ ભક્તિ તે જ ઉત્તમ ભક્તિ છે. આ ભક્તિમાં સર્વ આત્મપ્રદેશે અત્યંત આનંદરૂપી અમૃતના ઊભરા વહે છે, ને તેનાથી આત્મા પરિતૃપ્ત થાય છે. સર્વે જિનવરો આવી ભક્તિ કરીને મુક્તિ પામ્યા. માટે હે ભવ્ય મહાજનો! તમે પણ આત્માને વીતરાગી સુખ દેનારી આવી ઉત્તમ ભક્તિ કરો.. ( ૭૭ )

卐 આ ભારતવર્ષમાં ઋષભદેવથી માંડીને મહાવીરદેવ સુધી ૨૪ તીર્થંકર જિનવરો થયા, ને બીજા પણ અનંતા જિનવરો ભૂતકાળમાં થયા ને મોક્ષસુખ પામ્યા; તે બધા જિનવરો જે ભક્તિ કરીને મોક્ષસુખ પામ્યા તે ભક્તિનો સંબંધ પોતાના નિજ આત્મા સાથે જ હતો. શુદ્ધઉપયોગને નિજાત્મામાં જોડીને તેમણે આત્માની પરમભક્તિ કરી, ને તેના વડે મોક્ષસુખ પામીને, વીતરાગી આનંદમય પરમસુખના વેદનથી તેઓ પરિતૃપ્ત થયા. આવું સ્વરૂપ જાણીને હે મુમુક્ષુ! તું પણ તારા ઉપયોગને શુદ્ધઆત્મામાં જોડીને આવી ભક્તિ કર. (૭૮)

卐 અહા, શુદ્ધાત્મામાં ઉપયોગની એકાગ્રતારૂપ આ પરમ યોગભક્તિમાં આત્માના અસંખ્યપ્રદેશ આનંદરસમાં તરબોળ થઈ જાય છે. એ આનંદના વેદનથી થતી તૃપ્તિની શી વાત! એ વીતરાગસુખની શી વાત! (૭૯)

卐 આત્માનો શુદ્ધસ્વભાવ ત્રિકાળ છે તે ભૂતાર્થ છે–સત્યાર્થ છે ને તેમાં અભેદ થયેલી શુદ્ધપર્યાય તે પણ ભૂતાર્થ છે, સત્યાર્થ છે; રાગાદિભાવો અભૂતાર્થ છે. પર્યાયે અંતર્મુખ થઈને જ્યાં ભૂતાર્થ ભગવાનની સમીપતા કરીને તેમાં જોડાણ કર્યું ત્યાં તે પર્યાયમાં વીતરાગી આનંદના ફૂવારા ઊછળ્યા. (૮૦)

卐 જેને ભવછેદક નિર્વાણભક્તિ પ્રગટી છે, એટલે કે જેને રત્નત્રયની આરાધના વર્તે છે એવા ધર્માત્મા કહે છે કે અહો! શ્રીગુરુના સાન્નિધ્યમાં નિર્મળ સુખકારી ધર્મ અમે પ્રાપ્ત કર્યો છે, અને ચૈતન્યના અગાધ મહિમાને જાણનારા જ્ઞાનવડે સમસ્તમોહનો મહિમા નષ્ટ થઈ ગયો છે. –આવો હું રાગદ્વેષરહિત શુદ્ધ ધ્યાન વડે શાંતચિત્તથી આનંદમય નિજતત્ત્વમાં ઠરું છું, નિજપરમાત્મામાં લીન થાઉં છું. (૮૧)

卐 જુઓ, શ્રીગુરુના સાન્નિધ્યનું ફળ શું? કે નિર્મળ સુખકારી ધર્મની પ્રાપ્તિ થઈ તે શ્રીગુરુના સાન્નિધ્યનું ફળ છે. શ્રીગુરુનો ઉપદેશ પણ એ જ છે કે રાગથી પાર ચૈતન્યતત્ત્વની અનુભૂતિ કરવી. જેણે આવી અનુભૂતિ કરી તેણે જ ખરેખર શ્રીગુરુને ઓળખીને તેમનું સાન્નિધ્ય સેવ્યું છે. શ્રીગુરુના ઉપદેશના સારરૂપ આનંદમય આત્મઅનુભૂતિ તેણે પ્રાપ્ત કરી લીધી. (૮૨)

卐 માત્ર શુભરાગ તે કાંઈ શ્રીગુરુના ઉપદેશનો સાર ન હતો. જે રાગમાં અટકયો છે ને રાગથી પાર ચૈતન્યથી સમીપતા નથી કરતો, તે શ્રીગુરુની નજીક નથી

પણ દૂર છે. ચૈતન્યની સમીપતા કરીને જેણે નિર્મળ સુખકારી ધર્મ પ્રાપ્ત કર્યો તેણે જ ખરેખર શ્રીગુરુની સમીપતા કરી, અને મોહના જોરને જ્ઞાનબળથી નષ્ટ કર્યું. (૮૩)

卐 એકલા શાસ્ત્રથી નહિ પણ જ્ઞાની ગુરુના સાન્નિધ્યથી આત્મતત્ત્વને જાણતાં નિર્મળ સુખરૂપ ધર્મ પ્રાપ્ત થાય છે. સમ્યગ્દર્શનાદિ વીતરાગપરિણતિ તે સુખરૂપ ધર્મ છે, તેની પ્રાપ્તિ ચૈતન્યસ્વભાવમાં સન્મુખતાથી થાય છે. અંતરમાં પોતાના પરમતત્ત્વની સમીપતા છે ને નિમિત્તરૂપે ગુરુની સમીપતા છે. (૮૪)

卐 ગુરુ કેવા છે? કે જેઓ ચૈતન્યતત્ત્વનો મહિમા બતાવીને તેમાં દ્રષ્ટિ કરવાનું કહે છે. શ્રીગુરુની સમીપતાથી આવા આત્મતત્ત્વની દ્રષ્ટિ કરીને, જ્ઞાનના મહિમાવડે સમસ્ત મોહનો મહિમા નષ્ટ કરી નાખ્યો છે. ચૈતન્યનો મહિમા પ્રગટયો ત્યાં મોહનો મહિમા તૂટયો. હજી સમ્યગ્દર્શન થતાં વેંત સમસ્ત મોહ નષ્ટ ન થઈ જાય, પણ તે મોહનો મહિમા તો નષ્ટ થઈ ગયો છે, તેનું અનંતુ જોર તૂટી ગયું છે. (૮૫)

卐 શ્રીગુરુની સમીપમાં ચૈતન્યતત્ત્વ સાંભળીને હે ભવ્ય! તું અંતરતત્ત્વની સમીપમાં જા... ત્યાં ચૈતન્યનો પરમ મહિમા જ્ઞાનમાં આવતાં જ પરભાવનો મહિમા છૂટી જશે. આવા તત્ત્વને અંતરમાં અનુભવવું તે શ્રીગુરુના સાન્નિધ્યમાં કરવાનું છે, તે જ શ્રીગુરુની આજ્ઞા છે. (૮૬)

卐 હજી રાગ–દ્વેષ હોવા છતાં, ધર્મીને સમ્યગ્દર્શનમાં ચૈતન્યપરમેશ્વરની પ્રાપ્તિ થતાં તેના મહિમામાં જ્ઞાન લીન થયું, તે જ્ઞાનધારા સમસ્ત રાગાદિ પરભાવોથી છૂટી પડી ગઈ, તેમાં આનંદકંદ આત્માનો જ મહિમા રહ્યો. –આનું નામ નિર્વાણમાર્ગની ભક્તિ છે. (૮૭)

卐 અહો, શ્રીગુરુએ મને એમ કહ્યું કે તું તારા આનંદમય પરમાત્મતત્ત્વ પાસે જા. એ રીતે શ્રીગુરુના ઉપદેશથી પરમાત્મતત્ત્વ પાસે જતાં (અંતર્મુખ પરિણતિ કરતાં) આનંદકારી ધર્મદશા મને પ્રગટી, તેમાં હવે રાગાદિનો મહિમા રહી શકે નહીં. જેને પરનો કે શુભરાગનો પણ મહિમા લાગે તેને પોતાના વીતરાગી આનંદમય તત્ત્વનો મહિમા આવતો નથી ને સુખકારીધર્મ તેને પ્રગટતો નથી, તે તો રાગના દુઃખને જ અનુભવે છે. (૮૮)

卐 શ્રીગુરુએ તો એમ સંભળાવ્યું કે જ્ઞાનમાં ચૈતન્યભાવનો મહિમા લાવીને સ્વસન્મુખ થા. ગુરુએ એમ ન કહ્યું કે તું અમારી વાણીનું જ લક્ષ કરીને અટકી રહેજે, કે અમારા ઉપર શુભરાગ કરીને અટકી રહેજે– એમ ન કહ્યું, પણ શ્રીગુરુએ તો એમ કહ્યું કે તારા પરમાત્મા તારા અંતરમાં તારી સમીપ જ બિરાજે છે, તેને અનુભવમાં લે. વાણીનું ને રાગનું લક્ષ છોડીને, પરનો મહિમા છોડીને, આત્માના પરમસ્વભાવનો મહિમા લક્ષમાં લે–એ જ બાર અંગનો સાર છે. જ્ઞાન–આનંદમય આત્માની અનુભૂતિ જ સર્વ સિદ્ધાંતનો સાર છે, તે જ ગુરુનું પરમાર્થ સાન્નિધ્ય છે, તે સિદ્ધની નિશ્ચયભક્તિ છે, ને તે જ નિર્વાણનો આનંદમય માર્ગ છે. ( ૮૯ )

卐 શુદ્ધાત્માની અનુભૂતિ જ દ્વાદશાંગનો સાર છે; તે જ સર્વે ગુરુઓના ઉપદેશનો સાર છે. જેણે સ્વાનુભૂતિ કરી તેણે સર્વ સિદ્ધાંતનો સાર જાણી લીધો; પછી ત્યાં એવી કોઈ અટક નથી કે બાર અંગ ભણે તો જ આત્માની અનુભૂતિ થાય. તેને શાસ્ત્રભણતરનું બંધન નથી કે આટલા શાસ્ત્રો વાંચવા જ પડશે. જેણે સર્વ શાસ્ત્રના રહસ્યભૂત આત્માનું ભણતર ભણી લીધું, –તેની અનુભૂતિ કરી લીધી, તેણે આખા સર્વજ્ઞ પરમાત્મા પોતામાં પ્રાપ્ત કરી લીધા. –તે ભક્ત છે, તે આરાધક છે, તે મોક્ષનો પંથી છે. અરે, આત્મઅનુભૂતિના મહિમાની લોકોને ખબર નથી, અને બહારના શાસ્ત્રભણતર વગેરે પરલક્ષી જાણપણામાં તેઓ અટકી જાય છે. પણ શાસ્ત્રોએ કહેલું ચૈતન્યતત્ત્વ અંતરમાં બિરાજી રહ્યું છે– તેની સન્મુખતા કર્યા વગર શાસ્ત્રનું રહસ્ય પણ સમજાય નહિ. ( ૯૦ )

卐 શ્રીગુરુના સાન્નિધ્યથી જે આનંદમય સ્વાનુભૂતિ પ્રગટી તે અદ્ભુત છે; અહા, અંદર શાંતરસના શેરડા છૂટે છે. આવી અનુભૂતિ તે જ નિર્મળ સુખકારી ધર્મ છે. આવો ધર્મ મેં પ્રાપ્ત કર્યો છે અને આવા આનંદમય આત્મતત્ત્વના જ્ઞાન વડે સમસ્તમોહનો મહિમા મેં નષ્ટ કર્યો છે; જ્ઞાનતત્ત્વનો અગાધ મહિમા પ્રગટયો ત્યાં મોહનો મહિમા છૂટી ગયો. આ રીતે શ્રીગુરુની સમીપતામાં મારા પરમતત્ત્વને પ્રાપ્ત કરીને, હવે હું તેમાં જ લીન થાઉં છું. બધા તીર્થંકરોએ આમ કર્યું છે ને હું પણ તે તીર્થંકરોના માર્ગે જાઉં છું, –આવી દશાનું નામ પરમભક્તિ છે. આ ભક્તિ ભવને છેદનારી છે ને આ ભક્તિમાં ચૈતન્યના આનંદરસના ફૂવારા ઊછળે છે. ( ૯૧ )

卐 આ શરીર તો મળ–મૂત્રનો પિંડલો, અને ચૈતન્યપ્રભુ આત્મા તો સુંદર આનંદ–

રસઝરતા અનંત ગુણનો પિંડ. –આવા સુંદર આનંદતત્ત્વમાં જેનું ચિત્ત લોલુપ થયું છે–તેમાં જ ઉત્સુક થઈને લાગ્યું છે તેનું ચિત્ત ઇન્દ્રિયવિષયોમાં લોલુપ રહેતું નથી. (૯૨)

卐 અહા, ચૈતન્યના અસંખ્ય અંગમાંથી તો આનંદરસ ઝરે છે, ને શરીરના અંગોમાંથી તો મળ–મૂત્રાદિ દુર્ગંધ ઝરે છે. જુઓ તો ખરા, ચૈતન્યતત્ત્વની સુંદરતા! આનંદઝરતું આ ઉત્તમ તત્ત્વ જગતમાં સૌથી સુંદર છે, તેની સન્મુખ થતાં પર્યાયમાં આનંદ ઝરે છે. અરે જીવ! એકવાર બાહ્ય વિષયોની લોલુપતા છોડીને અંદર આવા સુંદર આનંદમય મહાન તત્ત્વનો લોલુપ થા... તેને જાણવાની ઉત્સુકતા કર. આવા તત્ત્વને જાણીને તેની અપૂર્વ ભાવનાથી મોક્ષસુખનો સ્વાદ તને અહીં જ અનુભવાશે. (૯૩)

卐 અહા! જુઓ આ પંચમઆરાના સંતની વાણી! એ તો લાવ્યા છે વિદેહની વાણી! એના ભાવ અંદર લક્ષમાં લ્યે તો આત્માને ઊંચો કરી દૈ, ને રાગના વિકલ્પથી છૂટો પડીને ચૈતન્યની વીતરાગી શાંતિનું વેદન થઈ જાય, –એવી અપૂર્વ આ વીતરાગી સંતોની વાણી છે. જે સાંભળતાં પણ મુમુક્ષુના રોમ–રોમ હર્ષથી ઉલ્લસે છે, તેના અતીન્દ્રિયઅનુભવના આનંદની તો શી વાત! (૯૪)

卐 ધર્મી–હંસલો ચૈતન્યસરોવરમાં આનંદનાં મોતી ચરે છે, એ રાગના ચારા ચરતો નથી; કાગડો મોતીને છોડીને માંસને ચૂંથે છે તેમ અજ્ઞાની ચૈતન્યના આનંદને છોડીને રાગને સેવે છે. અરે ચૈતન્યહંસલા! તારા ચારા તો આનંદનાં હોય, રાગ–દ્વેષનાં ચૂંથણાં તને ન શોભે. (૯૫)

卐 નિજાત્મભાવનાથી અતિ–અપૂર્વ સુખ ઉત્પન્ન થાય છે; અંતર્મુખ થઈને આવા સુખને અનુભવનારા સંતો જીવન્મુક્તિની મોજ માણે છે, બીજાને એનો સ્વાદ આવી શકતો નથી. (૯૬)

卐 અહો, મારું પરમ ચૈતન્યતત્ત્વ આનંદમાં જ સ્થિત છે, રાગ–દ્વેષના દ્વંદ્વમાં તે રહેલું નથી–આમ સમ્યગ્દૃષ્ટિ જીવ સ્વતત્ત્વને ધ્યેય બનાવીને ધ્યાવે છે ને તેના પરમસુખને વેદે છે; ત્યાં ભવસંબંધી સુખની વાંછા તેને નથી. તેનું ચિત્ત તો ચૈતન્યસુખમાં જ ચોંટેલું છે, મોક્ષસુખ તરફ જ તેનું મુખ છે; જ્યાં ભવસુખની વાંછા નથી ત્યાં તેના કારણરૂપ બહારના કોઈ અન્ય પદાર્થથી મારે

શું કામ છે? એ તો બધા મારાથી અત્યંત દૂર છે. –આમ બહારમાં સર્વત્ર નિસ્પૃહ થઈને ધર્મીએ પોતાનું ચિત્ત ચૈતન્યસુખમાં જોડયું છે, –તે જ મોક્ષ માટેની પરમ ભક્તિ છે. (૯૭)

卐 વાહ રે વાહ! નિજતત્ત્વ કેવું સુંદર છે! આ તત્ત્વ તો રાગ–દ્વેષ વગરનું છે, ને આવા સ્વતત્ત્વમાં ઝુકેલી પરિણતિ પણ રાગ–દ્વેષ વગરની જ છે. –આવા પરમતત્ત્વને હું ફરી–ફરીને સમ્યક્પણે ભાવું છું. –આમ સ્વસન્મુખ થઈને પરમાત્મતત્ત્વની ભાવના તે જ પરમ ભક્તિ છે; તે ભવનો છેદ કરનારી છે ને. અશરીરી મોક્ષનો મહા આનંદ દેનારી છે. (૯૮)

卐 પરમાત્મતત્ત્વ જેણે નજરમાં લીધું– તે જીવ ન્યાલ થઈ ગયો. તેની પર્યાયમાં પરમાત્મા આવીને વસ્યા... તે પરમાત્માના માર્ગે ચાલ્યો. પરમાત્માનો માર્ગ કહો, કે આત્માના સુખનો માર્ગ કહો, સ્વસન્મુખ થઈને આવું આત્મસુખ જેણે ચાખ્યું તેને સંસારસંબંધી કોઈ સુખમાં સુખ લાગતું જ નથી, તેમાં તો દુઃખ છે; આકુળતા છે. તેથી સમસ્ત ભવસુખની વાંછા છોડીને તે પુનઃ પુનઃ નિજ પરમાત્મતત્ત્વમાં જ ચિત્તને જોડે છે, વારંવાર પરમાત્મતત્ત્વની એકની જ ભાવના ભાવે છે. એકક્ષણ પણ સાધકની દ્રષ્ટિ પરમાત્મતત્ત્વમાંથી હટતી નથી. (૯૯)

卐 જુઓ, તીર્થંકર ભગવંતોએ આ રીતે ચિત્તને ચૈતન્યતત્ત્વમાં જોડીને મોક્ષસુખને સાધ્યું, એટલે સર્વે જીવોને માટે પણ આ જ મોક્ષનો ઉપાય છે. તેથી આચાર્યદેવે કહ્યું કે–

**ૠષભાદિ જિનવર એ રીતે કરી શ્રેષ્ઠ ભક્તિ યોગની,**
**શિવસૌખ્ય પામ્યા; તેથી કર તું ભક્તિ ઉત્તમ યોગની.**

卐 જુઓ તો ખરા, આચાર્યદેવે બધાય જિનવરોની સાક્ષી આપીને મોક્ષના કારણરૂપ આ ભક્તિ બતાવી. આ પરમાત્મભક્તિ ભવનો છેદ કરનારી છે ને મોક્ષસુખ દેનારી છે. માટે હે ભવ્યજીવો! તમે પણ આત્માના ઉપયોગને અંતરમાં જોડીને મોક્ષના કારણરૂપ આવી ભક્તિ કરો.

**પરમાર્થરૂપ એવી આ સિદ્ધભક્તિ ભવદુઃખનો અંત કરનારી છે ને આત્માને મોક્ષસુખનો મહા આનંદ દેનારી છે.**

# દશલક્ષણધર્મ: પર્યુષણની પાવન પ્રસાદી

**દશલક્ષણી પર્યુષણ પર્વના દિવસો દરમિયાન કાર્તિકેયસ્વામીની દ્વાદશઅનુપ્રેક્ષામાંથી દશ ધર્મો વંચાયા હતા. તે ઉપરાંત નિયમસારમાં પરમ આવશ્યક અધિકાર અને સમયસારમાં સર્વવિશુદ્ધજ્ઞાન-અધિકાર વંચાતા હતા; તેમાંથી થોડીક વાનગી અહીં આપી છે.**

* જૈનધર્મના પર્યુષણમાં આજે ઉત્તમક્ષમાનો પ્રથમ દિવસ છે. બીજા પ્રત્યે ક્રોધ કરીને હે જીવ! તારી શાંતિને તું નુકશાન ન પહોંચાડીશ. જગતમાં પ્રતિકૂળતાનો સંયોગ આવે, કે કોઈ નિંદા કરે, તો તું તેને વશ થઈને તારા ઉત્તમ માર્ગને છોડીશ નહિ; ક્રોધ કરીને તારા ધર્મના વૃક્ષને બાળીશ નહિ. ઉત્તમ ક્ષમાદિ ધર્મની આરાધનામાં તારા આત્માને પરમ ભક્તિથી જોડજે. ક્રોધવડે તારી શાંતિને ભસ્મ કરીશ મા. ક્રોધ વગરનો જે ચૈતન્યસ્વભાવ તેની આરાધના તે જ ઉત્તમક્ષમાધર્મ છે. વીતરાગીમુનિઓ આવા ઉત્તમક્ષમાદિ ધર્મના આરાધક છે; ને તે ધર્મોને ભક્તિપૂર્વક જાણીને શ્રાવકોને પણ એકઅંશે તેની આરાધના હોય છે. જેટલો વીતરાગભાવ થયો તેટલી આરાધના નિરંતર છે.

* નિજસ્વરૂપની બહાર આવીને એક વિકલ્પ પણ ઊઠે તો તે દોષ છે, તેમાં કોલાહલ છે, તેમાં ચૈતન્યની શાંતિ નથી. માટે હે મુમુક્ષુ! વિકલ્પના કોલાહલના કકળાટથી ભિન્ન એવા તારા શાંત ચૈતન્યતત્ત્વને સ્વ–આશ્રિત ધ્યાનથી ધ્યાવ. – તેમાં જ પરમસામાયિક ને ઉત્તમ ક્ષમા છે.

* શાંતિ માટે દુનિયાને તો ભૂલ... અંદરના તારા વિકલ્પોના કોલાહલથી પણ દૂર થા... ને એકત્વમાં શોભતા તારા આત્માને નિર્વિકલ્પધ્યાનમાં ધ્યાવ. કદાચ તારી શક્તિ ઓછી હોય ને ધ્યાનમાં વિશેષ એકાગ્ર ન રહી શકતો હોય તો, ત્યાં સુધી આવા

* સ્વાશ્રિત–વીતરાગમાર્ગની શ્રદ્ધા તો જરૂર કરજે. શ્રદ્ધામાં આ સિવાય બીજું વિપરીત માનીશ નહિ; પરાશ્રિતભાવમાં કલ્યાણ માનીશ નહીં. પરમાત્મતત્ત્વની શ્રદ્ધા રાખીશ તોપણ તારો આરાધકભાવ ચાલુ રહેશે, ને અલ્પકાળે મોક્ષ થશે.

* સમ્યગ્દર્શન તે પણ ધર્મીનું આવશ્યક કાર્ય છે. આવા સમ્યગ્દર્શન ઉપરાંત જો ધ્યાનમાં એકાગ્રતારૂપ સામાયિકાદિ થઈ શકે તો તે ઉત્તમ છે, તે તો સાક્ષાત્ મોક્ષમાર્ગ છે; ને એવું ન થઈ શકે તો સમ્યક્ત્વમાં તો તું જરાય શિથિલ થઈશ નહિ. વિકલ્પ હોય તેની મીઠાશ કરીશ નહીં. તેનાથી ભિન્ન ચૈતન્યસ્વરૂપની શ્રદ્ધા બરાબર કરજે.

* સહજ જ્ઞાન–આનંદમય નિજપરમાત્મતત્ત્વની સન્મુખ થઈને જે નિશ્ચલ સ્થિર પરિણામ થાય તે જ ભવને છેદવા માટેનો કુહાડો છે, અંતરમાં સ્થિર થતાં જે શાંત નિષ્ક્રિય (એટલે વિકલ્પની ક્રિયાથી રહિત) દશા થઈ તે જ પરમ આવશ્યક છે, તેનાથી સામાયિકની પૂર્ણતા થાય છે એટલે તેમાં વિકલ્પની વિષમતા વગરની પરમ શાંતિ ને સમતા છે, તે મુમુક્ષુને પરમ ઉપાદેય છે–તેનું ફળ નિર્વાણ છે. આ સિવાય બાહ્ય આવશ્યકના જે વિકલ્પો છે તે તો કોલાહલવાળા છે, તેનું ફળ તો અનુપાદેય છે, તેમાં શાંતિ નથી, વિકલ્પમાં તો અશાંતિ છે.

* શાંતિ તો સ્વાશ્રિતભાવમાં છે. જેટલો સ્વાશ્રય થાય તેટલી જ શાંતિ છે, તેટલો જ નિર્વાણમાર્ગ છે ને તે જ ઉપાદેય છે. અંતરમાં એકાગ્રતા થતાં એક વિકલ્પ પણ ન ઊઠે એવો પૂર્ણ સ્વાશ્રયભાવ તે મોક્ષ માટે મુનિઓનું પરમ આવશ્યક કાર્ય છે. ને શ્રાવક–ધર્માત્માને પણ નિજ પરમાત્મતત્ત્વની સમ્યક્શ્રદ્ધા, તથા જ્ઞાનપૂર્વક જેટલે અંશે વીતરાગભાવ વર્તે છે તેટલું જ આવશ્યક છે; તે સિવાય બીજા કોઈ રાગાદિભાવો તે કાંઈ ધર્મીનું આવશ્યક નથી, તે મોક્ષનો માર્ગ નથી.

* આજ તો આવા ધર્મને સાધવાની મોસમ એટલે પર્યુષણ છે, મોક્ષના માર્ગની મોસમ છે. અંતર્મુખ આત્મતત્ત્વનો જેણે આશ્રય લીધો તેને આત્મામાં સદાય ધર્મની જ ધીખતી મોસમ છે. અરે, તારા સ્વભાવની સન્મુખ થઈને તું અત્યારે ધર્મની કમાણી કરી લે. કમાણી માટે આ ઉત્તમ અવસર છે.

* આત્માના ગુણો આત્માના આધારે છે; આત્માનો કોઈ ગુણ કોઈ બીજાના આધારે

કે રાગના આધારે નથી. કોઈ જીવને સમ્યક્ત્વાદિનો ઘાત થાય તેથી કાંઈ તે જીવને શરીરની ક્રિયાનો કે શુભરાગનો ઘાત થઈ જતો નથી. તે ક્રિયા એવી ને એવી હોવા છતાં અજ્ઞાનીને સમ્યક્ત્વાદિનો ઘાત થાય છે;– કેમકે સમ્યક્ત્વાદિ ધર્મો જીવના છે, તે કાંઈ શરીરની ક્રિયાના આધારે કે રાગના આધારે નથી. સમ્યક્ત્વાદિ ધર્મો જો શરીરના આધારે હોય તો, તે સમ્યક્ત્વાદિનો ઘાત થતાં શરીરનો ને રાગનો પણ ઘાત થઈ જવો જોઈએ.

* વળી, શરીરની ક્રિયાના ઘાતથી કે શુભરાગના ઘાતથી કાંઈ જીવના સમ્યક્ત્વાદિ ગુણોનો ઘાત થઈ જતો નથી; શરીરાદિનો ઘાત થવા છતાં જીવના સમ્યક્ત્વાદિ ધર્મો એવા ને એવા રહે છે; કેમકે સમ્યક્ત્વાદિ ધર્મો જીવના છે, તે કાંઈ શરીરની ક્રિયાના આધારે કે રાગના આધારે નથી. જો શરીરાદિના આધારે જીવના સમ્યક્ત્વાદિ ધર્મો હોય તો, તે શરીરાદિનો ઘાત થતાં સમ્યક્ત્વાદિનો પણ ઘાત થઈ જવો જોઈએ. પણ એમ તો દેખાતું નથી.

* આ રીતે જીવના સમ્યક્ત્વાદિ ધર્મોને, અને રાગ તથા શરીરાદિની ક્રિયાને, અત્યંત ભિન્નપણું છે, તેમને આધાર–આધેયપણું નથી. જીવના સમ્યક્ત્વાદિ ધર્મો જીવના જ આધારે છે, પરના આધારે નથી. –આવું ભેદજ્ઞાન કરનાર જીવ, પોતાના સમ્યક્ત્વાદિ સમસ્ત ગુણો માટે પોતાના સ્વદ્રવ્યનો જ આશ્રય કરે છે, પોતાના ગુણોમાં કોઈપણ પરદ્રવ્યનો કે રાગનો આશ્રય તે માનતો નથી.

* એવો ભેદજ્ઞાની જીવ પોતાના ગુણો પોતાના જ આત્મામાં જાણતો હોવાથી તેને કોઈ પરદ્રવ્ય ઇષ્ટ–અનિષ્ટ દેખાતું નથી; પરદ્રવ્ય મારો કોઈ ગુણ આપતું નથી, પછી તેના ઉપર રાગ શો? તેમજ પરદ્રવ્ય મારા કોઈ ગુણનો ઘાત કરતું નથી– પછી તેના ઉપર દ્વેષ શો? આમ વીતરાગ–અભિપ્રાયવડે ધર્મી જીવ જ્ઞાનચેતનારૂપે પરિણમતો થકો પરનો સંબંધ છોડે છે. જ્ઞાનચેતનાના સમ્યક્ત્વાદિભાવોમાં તેને રાગાદિ છે જ નહિ. અવસ્થામાં જે કિંચિત રાગાદિ દેખાય છે તે જ્ઞાનચેતનામાં તન્મયપણે નથી પણ ભિન્નપણે છે.

* ધર્મી કહે છે કે અહો! અમારા જ્ઞાનાદિ સમસ્તગુણો અમારા આત્માના જ આશ્રયે પરિણમી રહ્યા છે–એમ અમે સમ્યક્પ્રકારે દેખીએ છીએ; સમ્યક્ત્વાદિ


અમારો કોઈપણ ગુણ પરદ્રવ્યના આશ્રયે હોવાનું અમે દેખતા નથી. સ્વાશ્રયપણે ઊપજતા સમ્યક્ત્વાદિ નિર્મળગુણોમાં રાગાદિની ઉત્પત્તિ છે જ નહિ, સ્વાશ્રિતભાવોથી તે બહાર જ છે. –આવા ભેદજ્ઞાનવડે જ્ઞાનપણે જ ઊપજતો જીવ રાગદ્વેષનો સર્વથા ક્ષય કરીને કેવળજ્ઞાનજ્યોતિ પ્રગટ કરે છે.

* પરદ્રવ્યને પોતાના ગુણ–દોષનું ઉત્પાદન માનનાર જીવને કદી રાગ–દ્વેષનો નાશ થતો નથી; તે તો પરનો જ આશ્રય કરતો થકો, પરથી જ પોતાના ગુણ–દોષ થવાનું માનતો થકો અજ્ઞાનભાવરૂપ જ પરિણમે છે. ભેદજ્ઞાન વગર મોહસમુદ્રને તે પાર કરી શકતો નથી.

* આચાર્યદેવ કહે છે કે હે ભાઈ! પરદ્રવ્યને રાગ–દ્વેષનું ઉત્પાદન તું જરાપણ ન માનીશ. પોતાના જ ગુણપર્યાયોમાં દ્રવ્ય પોતે ઊપજે છે; પોતાની પર્યાયમાં ઊપજતા કોઈ દ્રવ્યની પર્યાયને બીજો ઉપજાવે–એવી કોઈ વસ્તુમાં યોગ્યતા જ નથી. સર્વે દ્રવ્યોને સ્વભાવથી જ પોતાની પર્યાયનો ઉત્પાદ થાય છે–એમ વસ્તુસ્વરૂપ જોવામાં આવે છે. ઘડારૂપે માટી ઊપજે છે, કુંભાર નહીં; તેમ સમ્યક્ત્વાદિ ગુણરૂપે કે રાગાદિ દોષરૂપે આત્મા ઊપજે છે, પરદ્રવ્ય નહીં.

* હે ભાઈ! એકવાર આવું સ્વ–પરનું સ્પષ્ટ ભેદજ્ઞાન તો કર. ભેદજ્ઞાન કરતાં જ તને પરદ્રવ્ય ઉપરના રાગ–દ્વેષનો અભિપ્રાય છૂટી જશે ને વીતરાગી જ્ઞાનદશા વગેરે ગુણો પ્રગટ થશે. મારા ગુણને કે દોષને પરદ્રવ્ય તો કરતું નથી પછી તેના ઉપર રાગ–દ્વેષ કરવાનું પ્રયોજન ક્યાં રહ્યું? ગુણ પ્રગટ કરવા અને દોષનો ક્ષય કરવા મારે મારા ચૈતન્યમય સ્વદ્રવ્યનો જ આશ્રય કરવાનું રહ્યું. –આવું વીતરાગીસ્વાધીન વસ્તુસ્વરૂપ સમ્યગ્દ્રષ્ટિ જ જાણે છે. પોતાનું ચૈતન્યતત્ત્વ જ તે સમ્યગ્દ્રષ્ટિનો વિસામો છે; પરમાં ક્યાંય વિસામો નથી.

* જેને થાક લાગે કે વિસામો શોધે; તેમ ભવમાં ભમતાં–ભમતાં થાકેલો જીવ, રાગ–દ્વેષથી છૂટીને ચૈતન્યધામમાં વિસામો લ્યે છે. પુણ્ય–પાપ તો અનાદિથી કર્યાં, પણ તેમાં ક્યાંય જીવને વિસામો ન મળ્યો, શાંતિ ન મળી; તો તેનાથી જુદી જાતનો એવો તારો ચૈતન્યસ્વભાવ, તેમાં ઊંડે જઈને વિસામો લે, તેમાં તને પરમ શાંતિ મળશે. –પૂર્વે કદી નહિ કરેલું એવું અવશ્ય કરવા જેવું આ અપૂર્વ કાર્ય છે. હે મુમુક્ષુ! મોક્ષ માટે શુદ્ધોપયોગરૂપ થઈને આ અપૂર્વ કાર્ય તું કર. તે તારું આવશ્યક છે.



## [ હાલા... હાલા... ]

એક સંસ્કારી જૈનમાતા, પોતાના
બાળકને નીચેનું હાલરડું સંભળાવતી' તી–

પલનાકે લલના સુનો! હંસકે માંકે વૈન,
શુદ્ધ-નિરંજન-બુદ્ધ તુમ, કયોં રોતે બેચૈન! (૧)
તુમ હો વારસ વીરકા... શ્રી જિનવરકા નંદ,
અંતર આતમ સાધના હોગા પરમાનંદ. (૨)
માત ઝુલાતી બાલકો દેતી હૈ આશીષ,
ચલકર વીરકે પંથપર બન જાના જગદીશ. (૩)
સૂન લો બચ્ચા પ્રેમસે જિનવાણીકા સાર,
સ્વાનુભૂતિસે પાવના ભવસાગરકા પાર. (૪)
પરમેષ્ઠીકે પ્રસાદસે તૂ કરના આતમજ્ઞાન,
મોહ તોડ સંસારકા... બન જાના ભગવાન. (૫)




* પૂ. ગુરુદેવની મંગલછાયામાં આપણું આત્મધર્મ–માસિક આવતા અંકે ત્રીસ વર્ષ પૂરા કરશે. દરેક અંક વાંચી–વાંચીને જિજ્ઞાસુઓ પોતાનો આત્મરસ વધારીને પ્રમોદ જાહેર કરે છે. ત્રીસ હજાર જેટલા જિજ્ઞાસુઓનો ધાર્મિક પ્રેમ અને વાત્સલ્ય એ 'આત્મધર્મ' ની મોટી મૂડી છે; આવા કાળમાં આવી ઊંચી અધ્યાત્મવસ્તુના હજારો ગ્રાહકો મળવા તે ગુરુદેવનો પ્રભાવ છે ને તે આત્મધર્મનું ગૌરવ છે. દરવર્ષે બધા ગ્રાહકો પોતાની મેળે જ લવાજમ મોકલી આપીને વ્યવસ્થામાં સુંદર સહકાર આપી રહ્યા છે. આપ પણ વીર નિર્વાણ સંવત ૨૫૦૦નું આપનું લવાજમ 'ચાર રૂપિયા' આત્મધર્મ કાર્યાલય, સોનગઢ ૩૬૪૨૫૦ એ સરનામે વેલાસર મોકલી આપશો. આત્મધર્મ–માસિક દરેક અંગ્રેજી મહિનાની દશમી તારીખે સોનગઢથી પોષ્ટ થાય છે. દિનેદિને વધતી મોંઘવારીને હિસાબે આત્મધર્મનું ખર્ચ વધુ આવતું હોવા છતાં, જિજ્ઞાસુ વાંચકોના સહકારથી તેનું લવાજમ માત્ર ચાર રૂપિયા છે તે જ ચાલુ રાખવામાં આવ્યું છે. ગતવર્ષ દરમિયાન **"આત્મધર્મના પ્રચાર માટે"** જિજ્ઞાસુઓ તરફથી સાતેક હજાર રૂપિયા આવેલા, જેની યાદી આત્મધર્મમાં અવાર–નવાર પ્રગટ થયેલ છે, તે જ મુજબ પ્રચારવિભાગની યોજના ચાલુ રાખીને, લવાજમ ન વધારવાનું માનનીય પ્રમુખશ્રીની આજ્ઞાથી નક્કી કરવામાં આવ્યું છે. આવતું વર્ષ એ વીરનિર્વાણનું ૨૫૦૦ મું વર્ષ છે. આપ આત્મધર્મનો વધુને વધુ પ્રચાર કરીને વીરમાર્ગની પ્રભાવનામાં સાથ આપો.

* રાજકોટથી ભાઈશ્રી મણિભાઈ ઉદાણી ગુરુદેવ પ્રત્યે અને આત્મધર્મ પ્રત્યે પ્રમોદ વ્યક્ત કરતાં લખે છે કે–"આત્મધર્મ" હું બરાબર મનનપૂર્વક વાંચું છું અને તેમાંના લેખો ઘણા ઊંચા અને આત્માનુભવ કરવા જેવા હોય છે. જ્ઞાનનો લાભ ઘણા માણસો લઈ શકે છે. પૂજ્યપાદ આત્મજ્ઞાની મહારાજશ્રી કાનજીસ્વામીને મારા સવિનય પાયવંદન કહેશો. જૈનધર્મમાં જે જ્ઞાન છે તે બીજે કયાંય નથી. રાગ–દ્વેષ–મોહથી આત્માને ભિન્ન સમજી મોક્ષ મેળવવાનો માર્ગ તે દર્શાવે છે.

* **દેવ-શાસ્ત્ર-ગુરુનું બહુમાન** : એક ગામમાં સોનગઢના મુમુક્ષુઓ દ્વારા દેવ–શાસ્ત્ર–ગુરુનાં વખાણ અને બહુમાન દેખીને એક માણસને આશ્ચર્ય થયું કે–આ લોકો આટલું બધું બહુમાન કેમ કરે છે? –અરે ભાઈ! આપણે આપણા વીતરાગી દેવ–

શાસ્ત્ર–ગુરુનું બહુમાન નહિ કરીએ તો કોનું બહુમાન કરીશું? મુમુક્ષુઓ જિનવાણીની પ્રશંસા નહિ કરે તો કોની કરશે? –પછી તે જિનવાણી ભલે સમયસારાદિ પરમાગમોરૂપે ગુંથાયેલી હોય કે 'આત્મધર્મ' રૂપે ગુંથાયેલી હોય... કે બીજા કોઈ પણ પુસ્તકરૂપે હોય, –પણ જે જિનવાણી આપણને શુદ્ધાત્મસ્વરૂપ દેખાડે છે તે માતા જિનવાણી સદાય પૂજ્ય છે. –પ્રશંસનીય છે... એથી જેટલી પ્રશંસા કરીએ, એનું જેટલું સન્માન કરીએ તેટલું ઓછું છે, એક મુમુક્ષુને તો જ્ઞાન અને રાગની ભિન્નતા વાંચીને આત્મધર્મ પ્રત્યે એવો પ્રમોદ આવી ગયો કે અર્ઘ ચડાવીને તેની પૂજા કરી–એ વાત પ્રસિદ્ધ છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ રૂપિયાનો થાળ ભરીને સમયસારનું પરમ સન્માન કર્યું હતું; એના પ્રતાપે તો 'શ્રીમદ્ રાજચંદ્ર જૈન ગ્રંથમાળા' તરફથી સમયસાર પ્રસિદ્ધિમાં આવ્યું, તે ગુરુદેવ (કાનજીસ્વામી) ના હાથમાં આવ્યું ને તેનો આટલો મહાન પ્રચાર થયો. આ રીતે આત્મ–ઉપકારી દેવ–શાસ્ત્ર–ગુરુનું પરમ બહુમાન દરેક મુમુક્ષુને હોય છે, ને તેનો મહિમા દેખીને તેને પ્રસન્નતા થાય છે. –કેમકે, **'न हि कृतमुपकारं साधवो विस्मरन्ति।'**

* વીતરાગ વિજ્ઞાનના પ્રચારની ભાવનાઃ બે માસ પહેલાં વિદિશાનગરી (મધ્યપ્રદેશ) માં સ્વાધ્યાયમંદિરના ઉદ્ઘાટન પ્રસંગે ભાષણમાં શેઠશ્રી પૂરનચંદ્રજી ગોદીકાએ જ્ઞાનનો મહિમા બતાવતાં કહ્યું કે– "ઇસ સ્વાધ્યાયમંદિરમેં બેઠકર ધર્મીજીવ તત્ત્વ અભ્યાસ કરેંગે ઔર અપને અજ્ઞાનકા નાશ કરકે મોક્ષમાર્ગકા ઉદ્ઘાટન કરેંગે! જીવનમેં યદિ કુછ પ્રાપ્ત કરને લાયક હૈ તો એકમાત્ર વીતરાગવિજ્ઞાન હી હૈ! જ્ઞાનકે સમાન જગતમેં ઔર કોઈ પદાર્થ સુખકા કારણ નહીં હૈ! ... **મૈં જૈનસમાજસે યહ અપેક્ષા રખૂંગા કિ... અપને બાલકોંમે વીતરાગવિજ્ઞાનકા બીજારોપણ કરેં! લાભ લેનેવાલે હજારોં બાલકોંમેંસે યદિ એક-દો બાલકોંને ભી આત્મસ્વરૂપકી પ્રાપ્તિ કર લી તો વે સિદ્ધદશાકો શીઘ્ર પ્રાપ્ત હોંગે!**"

એ જ વિદિશા નગરમાં પાંચમી પ્રશિક્ષણ–શિબિરની પૂર્ણતા પ્રસંગે અધ્યક્ષ સ્થાનેથી ગયા શહેર (બિહાર) ના શ્રીમાન શેઠશ્રી ગજાનંદજી પાટનીએ પણ બાળકોને ધર્મશિક્ષા આપવા માટે ભારપૂર્વક કહ્યું કે–સમાજકો ઈન લાખોં રૂપિયા ખર્ચ કરનેસે કયા લાભ હોતા હૈ જબકિ હમારે બાલકોંકો ધર્મશિક્ષા ભી પ્રાપ્ત નહીં હો પાતી? આજકે યુગમેં ધર્મપ્રચારકે નામપર બડીબડી ઈમારતોંમેં પૈસા ડાલના અથવા અનેક મેલોં આદિકે નામપર લાખોં રૂપયા વ્યય કર દેનેકે બજાય ઐસે તત્ત્વપ્રચારકે ઠોસ કામોંમેં પૈસા લગાયા જાના અધિક આવશ્યક હૈ. ઇસીસે સચ્ચા ધર્મપ્રચાર હોગા, –ઐસા મેરા વિશ્વાસ હૈ! પૂજ્ય શ્રી કાનજીસ્વામીકા હમ સબ પર મહાન–મહાન ઉપકાર હૈ, ઉન્હીંકે દ્વારા આજ સારે ભારતમેં ચેતના જાગૃત હુઈ હૈ!!

# સમ્પાદકીય

બંધુઓ, આ લખાય છે ત્યારે આપણે વીતરાગધર્મની આરાધનારૂપ મહાન પર્યુષણપર્વ આનંદથી ઉજવી રહ્યા છીએ... અને જ્યારે આપ આ વાંચતા હશો ત્યારે પર્યુષણપર્વની સમાપ્તિની તૈયારી હશે ને ક્ષમાભાવનાનું સુંદર ઝરણું આપણા સૌના હૃદયમાં વહેતું હશે.

આત્મધર્મનું સંપાદન હંમેશાં વીતરાગીસંતો પ્રત્યેની પરમભક્તિ અને સાધર્મીઓ પ્રત્યેના હાર્દિક વાત્સલ્યસહિત જ થાય છે. ગુરુદેવે આપણને સમજાવેલા જૈનશાસનના સાચા રહસ્યો-કે જે રહસ્યો સમજતાં જરૂર આત્મતત્ત્વની અનુભૂતિ થાય છે-તે જ રહસ્યો જિજ્ઞાસુઓ સમક્ષ આત્મધર્મ દ્વારા રજુ થાય છે, ને જિજ્ઞાસુઓ પરમ પ્રેમથી તેનો લાભ લ્યે છે. પરમ ગંભીર વીતરાગીતત્ત્વો આત્મધર્મમાં રજુ કરતાં, મારી મંદબુદ્ધિને કારણે કોઈ ક્ષતિ થઈ ગઈ હોય, કયાંય અવિનયાદિ ભૂલો થઈ ગઈ હોય તો પ્રભુ પંચપરમેષ્ઠીભગવંતો પ્રત્યે, પરમ માતા જિનવાણી પ્રત્યે, પૂ. ગુરુદેવ પ્રત્યે, પૂજ્ય સર્વે સંતો પ્રત્યે અત્યંત નમ્રતાપૂર્વક અંતરથી ક્ષમાયાચના કરું છું ને તે સૌના ચરણોમાં શિર ઝુકાવીને ભક્તિથી વિનય કરું છું. આ ઉપરાંત કોઈ સાધર્મીજનોની લાગણી દુભાવાઈ હોય તો તેમના પ્રત્યે પણ વાત્સલ્યપૂર્વક ક્ષમાયાચના કરું છું, ને મારા ચિત્તને સર્વથા નિઃશલ્ય કરું છું.

અહા, પર્યુષણ એટલે આરાધનાનો મોટો ઉત્સવ! બંધુઓ, આપણે માટે તો શ્રીગુરુપ્રતાપે નિરંતર પર્યુષણ જેવો જ અવસર છે... આત્માની આરાધના માટેની સોનેરી ઘડી ગુરુદેવે આપણને આપી છે. આરાધકજીવોનું સાક્ષાત્ દર્શન અત્યારે આ ભરતક્ષેત્રમાં મળવું- એ કોઈ પરમ સુયોગ છે; ગુરુપ્રતાપે મળેલા આ સુયોગમાં ધર્માત્મા-સંતજનોના ગંભીર ચૈતન્યગુણોને ઓળખવા, ને પોતામાં તેવા ગુણની આરાધના પ્રગટ કરવી-તે જ આ સોનેરી-સુયોગની સફળતા છે.

બસ, આરાધના જયવંત હો.

(બ્ર. હ. જૈન)




# વાહ રે વાહ... ક્ષમા !

ક્ષમામાં મજા છે... ક્રોધમાં દુઃખ છે. ક્ષમાની સાથે ચૈતન્યની શાંતિ વગેરે અનંતગુણોનો પરિવાર છે. ક્રોધને કોઈ ગુણનો સાથ નથી, અને તેનું કોઈ મિત્ર નથી. જ્યારે ક્ષમાને કોઈ શત્રુ નથી, ને તેને સર્વ ગુણોનો સાથ છે. ક્ષમાની તાકાત અપાર છે; ક્રોધમાં તો કાયરતા છે. ક્ષમાના શાંતસરોવરમાંથી નીકળીને ક્રોધના ભઠ્ઠામાં કોણ સળગે ? ખાખરાની ખીસકોલી સાકરનો સ્વાદ કયાંથી જાણે ? તેમ ક્રોધમાં સળગતો જીવ ક્ષમાની મજાને કયાંથી જાણે ? – વાહ રે વાહ ! ક્ષમાની અદ્‌ભુત મજા ! એનો સ્વાદ ધર્મી જ ચાખે છે.

卐 ક્ષમા સદાય જયવંત છે 卐

## વીતરાગી સંતોની મધુરી પ્રસાદી

૧. અહો જિનભગવંતો! આત્માની આરાધના કરાવનારો આપનો સ્વ-વશ માર્ગ... ખરેખર અદ્ભુત છે, આશ્ચર્યકારી છે; આપનો આ માર્ગ અમને મહા આનંદ આપે છે.

૨. જેમ શીતળ-મીઠું પાણી તરસ્યાના ગળે તુરત ઊતરી જાય છે તેમ ચૈતન્યસ્વાદથી ભરેલી વીતરાગી સંતોની મીઠી-મધુરી વાણી મુમુક્ષુના અંતરમાં તરત ઊતરી જાય છે.

૩. શરીર ભલે ભડભડ બળતું હોય, તે જ વખતે આત્મા પોતાની વીતરાગીશાંતિમાં ઠરી શકે છે; -કેમકે બંને તત્ત્વ જુદા છે.

૪. પંચપરમેષ્ઠીને સાથીદાર રાખીને જે મોક્ષના પંથે ચાલ્યો તે કદી માર્ગ ભૂલશે નહિ. તેને વચ્ચે કોઈ વિઘ્ન આવશે નહિ.

૫. જેમ હાથી ખાબોચિયામાં ડુબતો નથી તેમ સુખનો દરિયો. જેણે પોતામાં દેખ્યો છે એવા જ્ઞાની-હસ્તી વિષયોના મેલા ખાબોચિયામાં ડુબતા નથી.

૬. તડકો સદા તડકો નથી રહતો, તડકા પછી થોડા વખતમાં છાંયો આવે છે; હે જીવ! તું ધૈર્યથી કામ લે, તારા દુર્દિન થોડા વખતમાં વીતી જશે.

૭. અરે ભાઈ, જગત માટે તેં ઘણુંઘણું કર્યું-તે તો બધું નિષ્ફળ ગયું! હવે તો આત્મા મળે, આત્મા રીઝે ને પોતાને શાંતિ થાય-એવું કર.

૮. ત્રણ લોકમાં બધે ફરી ફરીને શોધતાં છેવટે એક જ વસ્તુ સુંદર મીઠી લાગી... અહો, આ ચૈતન્યતત્ત્વ જ સુંદરમાં સુદર, ને આનંદના મીઠા સ્વાદવાળું છે.

૯. અહો, આ ચૈતન્યતત્ત્વ અનંતગુણનું મહા મંદિર છે; આ પરમાત્મમંદિરમાં પંચપરમેષ્ઠીઓ, રત્નત્રય અને જિનાગમો એ બધું બિરાજી જ રહ્યું છે.

૧૦. સંત કહે છે- હે ભાઈ! તું આ સુંદર તત્ત્વના મધુર સ્વાદના સંસ્કાર તારા આત્મામાં ઊતારજે, -તેનું અપૂર્વ ફળ તને અત્યારે જ મળશે.

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રતઃ ૩૩૫૦

મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય : સોનગઢ (સૌરાષ્ટ્ર) : ભાદરવો (૩૫૯)